RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

● સ્થાપક તંત્રી :- હસુભાઈ ઠાકર ● તંત્રી :- ડો. ઇલેવાન ઠાકર ● Year - 20 ● Issue - 50 ● 16-07-2026 - THURSDAY ● Price : 0.50/- (Paisa) , annual : 280/- ● Page : 4+4

કાર્યાલય :- ૪૦૩, ચોથે માળ, અખબારભવન સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજ.) ● અમદાવાદ કાર્યાલય :- ૫ અવની હાઉસ બીજો માળ, મીઠાખળી રેલ્વે ક્રોસિંગ પાસે, મીઠાખળી ગામ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● e-mail : kisanrajdaily@yahoo.com, Mo. 99784 07016 , 93288 95485


વાંચો અંદરના પેજ પર



શહેરના પૂર પ્રભાવિત વિસ્તારોમાં SMCના આરોગ્ય વિભાગ દ્વારા સતત ૪ દિવસથી નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ કાર્યરતઃ કુલ ૫૪૭૦ લોકોએ લાભ લીધો

વાંચો અંદરના પેજ પર



ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમો થકી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસની ઉજવણી કરાઇ

## નેશનલ-ઈન્ટરનેશનલ

### નાગરિકત્વનું નિર્ધારણ તટસ્થ અને કાનૂની પ્રક્રિયા અન્વયે થવું જોઈએઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૫

ગુવાહાટી હાઈકોર્ટે કેટલાક વ્યક્તિઓની નાગરિકત્વ મેળવવાની અરજીને ફગાવી તેમને વિદેશી જાહેર કર્યા હતા. હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ઠરાવ્યુ હતું કે, નાગરિકત્વનો દરજ્જો નિર્ધારિત કરવાની પ્રક્રિયા તટસ્થ-સ્વચ્છ, કાનૂની પ્રક્રિયા અંતર્ગત થવું જોઈએ અને સમગ્ર પ્રક્રિયા તર્કસંગત હોવી જોઈએ. ગુવાહાટી હાઈકોર્ટે આપેલા ચુકાદા પર પુનઃવિચારણાના નિર્દેશ આપતા સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે, કાયદા સમક્ષ સમાનતા, સમાન રક્ષણ, જીવન અને અંગત સ્વતંત્રતા દેશમાં દરેક વ્યક્તિ માટે ઉપલબ્ધ છે. અરજદારોએ નાગરિકતા મેળવવા કરેલી અરજીના મેરિટની ચકાસણી ન કરી હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે સંબંધિત ટ્રિબ્યુનલને નવેસરથી વિચારણા હાથ ધરવા અને હાઈકોર્ટના ચુકાદાથી પ્રભાવિત ન થવા નિર્દેશ આપ્યા હતા. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મેહતાની બેન્ચે નોંધ્યું હતું કે, નાગરિકત્વ મેળવવાના હકદાર ન હોય તેવા લોકો પ્રક્રિયાનો ગેરલાભ ન ઊઠાવે તે જોવાની જવાબદારી રાજ્યોની છે. નિર્ધારણની પ્રક્રિયાને સ્વચ્છ-તટસ્થ, પારદર્શી અને તર્કબદ્ધ પદ્ધતિથી હાથ ધરવી જોઈએ. હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આસાસા સ્થિત સંબંધિત ફોરેન ટ્રિબ્યુનલ સમક્ષ સુનાવણી હાથ ધરવા નિર્દેશ આપ્યા હતા. કેટલાક કિસ્સામાં તત્કાલીન ઈલ-લીગલ માઈગ્રન્ટ ટ્રિબ્યુનલ્સ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી અને નાગરિકત્વની અરજી ફગાવી દેવાઈ હતી. બાદમાં હાઈકોર્ટે પણ ટ્રિબ્યુનલના આદેશને ગ્રાહ્ય રાખ્યા હતા. સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, બંધારણની કલમ ૧૧ અન્વયે નાગરિકત્વ પ્રાપ્ત કરવા અને છીનવી લેવા માટે નવી જોગવાઈ બનાવવાની સત્તા સંસદ પાસે છે. કાયદાની જોગવાઈ અન્વયે પોતાની નાગરિકતા સ્થાપિત કરવામાં સક્ષમ ન હોય તેવા વ્યક્તની તરફેણમાં કોઈ ચુકાદો આપવાનો ઈરાદો નહીં હોવાની સ્પષ્ટતા પણ સુપ્રીમ કોર્ટે કરી હતી.

### અમેરિકાની સતત ચોથા દિવસે ઈરાન પર એરસ્ટ્રાઈક

(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિગ્ટન, તા.૧૫

અમેરિકી સેનાએ મંગળવારે રાત્રે સતત ચોથા દિવસે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી. આ સાથે જ ઈરાની બંદરોની દરિયાઈ નાકાબંધી પણ શરૂ કરી દીધી છે. અમેરિકાનું કહેવું છે કે આ કાર્યવાહી ઈરાન પર દબાણ વધારવા માટે કરવામાં આવી રહી છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું, ''અમે મંગળવારે રાત્રે પણ હુમલો કરીશું, તેના પછીના દિવસે પણ કરીશું. આવતા અઠવાડિયે ઈરાનના વીજળીઘર અને પુલ પણ ટાર્ગેટ પર છે. જો સમજૂતી નહીં કરી, તો ત્યાં કંઈ જ નહીં બચે.''ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના હુમલા ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી ઈરાન વાતચીત માટે તૈયાર ન થઈ જાય. તેમણે એમ પણ કહ્યું કે જરૂર પડ્યે જમીની સૈન્ય અભિયાન પણ ચલાવી શકાય છે, જોકે આ માટે સહયોગી દેશોની મદદ લઈ શકાય છે.કતારના અલ-ઉદીદ એરબેઝની સેટેલાઈટ તસવીરોમાં અમેરિકી સેનાના એક વેરહાઉસને નુકસાન થયાના સંકેત મળ્યા છે. ઈરાની મીડિયા પ્રેસ ટીવીએ વીડિયો જાહેર કરીને દાવો કર્યો કે આ નુકસાન ઈરાનના તાજેતરના મિસાઈલ હુમલા બાદ થયું છે.અલ-ઉદીદ પશ્ચિમ એશિયામાં અમેરિકાનો સૌથી મોટો સૈન્ય અડ્ડો છે. તાજેતરના દિવસોમાં ઈરાને કતાર સહિત ખાડી દેશોમાં હાજર અમેરિકી ઠેકાણાઓ પર વળતા હુમલા કરવાનો દાવો કર્યો છે.જોકે, અમેરિકાએ હજુ સુધી આ સેટેલાઈટ તસવીરો કે વેરહાઉસને થયેલા નુકસાનની સત્તાવાર પુષ્ટિ કરી નથી. સ્વતંત્ર રીતે પણ આ દાવાઓની પુષ્ટિ થઈ શકી નથી.

### પસંદ ન હોય તો ૧૦૦% પેટ્રોલ લઈ શકો, પણ વધુ ખર્ચ કરવો પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૫

E20 એટલે કે ઈથેનોલ ભેળવેલા પેટ્રોલ વિશે હાલ ખુબ ચર્ચા થઈ રહી છે. આ બધા વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે જે લોકોને ૧૦૦ ટકા પેટ્રોલ લેવું હોય તો તેઓ પેટ્રોલ પંપ પરથી લઈ શકે છે. પરંતુ તેના વધુ પૈસા ચૂકવવા પડશે. આ અગાઉ તેઓ કહી ચૂક્યા છે કે ઈથેનોલ ભેળવેલા ઈંધણના કારણે વાહન ખરાબ થવાની સમસ્યા આવી નથી. એવા પણ રિપોર્ટ્સ છે કે ઓઈલ કંપનીઓએ ઈંધણની ક્વોલિટીની તપાસ તેજ કરી છે. ટીઓઆઈના એક રિપોર્ટ મુજબ ગડકરીને પૂછવામાં આવ્યું કે શું પેટ્રોલ પંપ પર E10 ઈંધણના વિકલ્પની સંભાવના છે. તો તેના પર તેમણે જવાબ આપ્યો કે જ્યારે આપણે ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક મેળવી લીધો છે અને E20 ઈંધણ દેશના દરેક ફ્યૂલ સ્ટેશન પર છે, તો આવું કેવી રીતે શક્ય હોય. તેમણે કહ્યું કે જે લોકો ઈથેનોલ ભેળવેલું પેટ્રોલ ન લેવા માંગતા હોય તેઓ ૧૦૦ ટકા પેટ્રોલ ખરીદી શકે છે પરંતુ તેના માટે વધુ પૈસા આપવા પડશે. જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓએ દેશભરમાં પોતાના રિટેલ પેટ્રોલ પંપ પર ઈંધણની ગુણવત્તા અંગે તપાસ શરૂ કરી દીધી છે. જેમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના નામ સામેલ છે. આ કંપનીઓએ આ પગલું સોશિયલ મીડિયા પર ઉઠેલી ઈંધણની ગુણવત્તાને લઈને વ્યક્ત થઈ રહેલી ચિંતાઓ વચ્ચે ગ્રાહકોને ભરોસો અપાવવા માટે ઉઠાવવામાં આવ્યું છે. પેટ્રોલિયમ કંપનીઓએ ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ ઈંધણની ગુણવત્તા સાથે જોડાયેલી કોઈ પણ ફરિયાદને સીધા પેટ્રોલ પંપ કે કંપનીના ગ્રાહક સેવા માધ્યમોથી નોંધાવો અને અપુષ્ટ સોશિયલ મીડિયા પોસ્ટ પર ભરોસો ન કરવો.

## અમદાવાદમાં યોજાનારી ૧૪૯મી રથયાત્રાને લઈ ભક્તિમય માહોલ છવાયો છે



# આજે નગરચર્યાએ નીકળશે જગતનો નાથ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૫

હૈયે હરખ અને આંખોમાં હેતની હેલી... અષાઢી બીજની એ પાવન સવાર, જ્યારે જગતનો નાથ સ્વયં ભક્તોના દુઃખ હરવા નીજ મંદિર છોડીને નગરે નીકળશે. અમદાવાદની ઐતિહાસિક જમાલપુર નગરીમાં કાલે ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણની ૧૪૯મી રથયાત્રા પ્રસ્થાન કરવા જઈ રહી છે. પ્રભુ જગન્નાથની સાથે બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી પણ અલગ-અલગ રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળશે. ભગવાન સ્વયં ભક્તોને સાક્ષાત દર્શન આપવા માટે આવી રહ્યા છે ત્યારે સમગ્ર મહાનગરમાં અત્યારે એક અનોખો ભક્તિમય માહોલ છવાયો છે. વર્ષમાં એક જ એવો દિવસ આવે છે જ્યારે જગતના નાથ સ્વયં પોતાના સિંહાસન પરથી ઊતરીને ભક્તોના ઘરે ભક્તોના દ્વારે ભક્તોના હૃદય સુધી પહોંચવા નગરચર્યાએ નીકળે છે. ગુરૂવારે અમદાવાદ ફરી એકવાર આ અલૌકિક ક્ષણોનો સાક્ષી બનશે.

જમાલપુરનું ૪૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન જગન્નાથ મંદિર આજે ભક્તિથી ધબકી રહ્યું છે. ભગવાનના નીજ મંદિરમાં સોના વેશના દિવ્ય દર્શન કરવા માટે ભક્તોની અવિરત ભીડ ઉમટી રહી છે. સોનાના અલંકારોથી શોભતા મહાપ્રભુના મુખારવિંદ પરનું દિવ્ય સ્મિત જાણે દરેક ભક્તને આશીર્વાદ આપી રહ્યું હોય એમ લાગે છે. માન્યતા છે કે અષાઢી બીજના દિવસે મહાપ્રભુના દર્શન કરનાર ભક્તના જીવનમાંથી દુઃખો દૂર થાય છે અને સુખ-સમૃદ્ધિના દ્વાર ખુલ્લા થાય છે.

ગુરૂવારે જે રથોમાં બિરાજીને મહાપ્રભુ નગરવિહાર કરશે તે ત્રણેય રથોની પ્રતિષ્ઠા અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજનવિધિ પૂર્ણ થઈ ચૂકી છે. નંદીઘોષમાં મહાપ્રભુ જગન્નાથજી તાલધ્વજમાં બલભદ્રજી અને દર્પદલન રથમાં બહેન સુભદ્રાજી બિરાજમાન થશે.

માત્ર રથો જ નહીં સમગ્ર મંદિર પણ જાણે સ્વર્ગ સમું શણગારાયું છે. પાંચ હજારથી વધુ ફૂલોથી મંદિરને સુશોભિત કરવામાં આવ્યું છે. ઓર્કિડ લીલિયમ સેવંતી જીપ્સોગલગોટા અને સૂર્યમુખીના રંગો સાથે અશોકના પાન અને કામિનીની હરિયાળી મંદિરની દિવ્યતાને અનેકગણી વધારી રહી છે. દરેક ખૂણેથી ભક્તિની સુગંધ પ્રસરી રહી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાપ્રભુને વિશેષ પ્રસાદ અર્પણ કરીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી છે. મગ, જાંબુ, કાકડી, કેરી, દાડમ, ડ્રાયફ્રૂટ અને ચોકલેટ સહિતનો પ્રસાદ મંદિર પહોંચ્યો છે. મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે, ભલે પ્રધાનમંત્રી વ્યસ્તતાના કારણે ઉપસ્થિત રહી શકતા ન હોય પરંતુ મહાપ્રભુ પ્રત્યેની તેમની આસ્થા દર વર્ષે પ્રસાદના રૂપમાં જરૂર પહોંચે છે. એટલું જ નહીં આગામી વર્ષે યોજાનારી ઐતિહાસિક ૧૫૦મી રથયાત્રા માટે તેમને વિશેષ આમંત્રણ પણ પાઠવવામાં આવશે.

રથયાત્રાની પૂર્વસંધ્યાએ રાજકીય આગેવાનો પણ મહાપ્રભુના ચરણોમાં નતમસ્તક થયા. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, શક્તિસિંહ ગોહિલ સહિતના નેતાઓએ ભગવાનના દર્શન કરીને આરતી અને પૂજનવિધિમાં ભાગ લીધો. આસ્થા સામે રાજકારણ પણ નતમસ્તક બનતું દ્દશ્ય મંદિર પરિસરમાં જોવા મળ્યું. બીજી તરફ લાખો ભક્તોની સુરક્ષા માટે પોલીસ તંત્ર પણ સંપૂર્ણ એલર્ટ છે. મંદિર પરિસરથી લઈને સમગ્ર યાત્રામાર્ગ સુધી ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. મ્હહ્રજીની ટીમે મંદિર અને આસપાસના વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે વહેલી સવારે મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. તો મંદિરનો લાડકો શ્વાન 'બડી' પણ મહાપ્રભુને નતમસ્તક થઈ ભક્તિનું અનોખું દ્દશ્ય સર્જતો જોવા મળ્યો.

હવે બસ થોડા કલાકોની જ રાહ છે. શંખનાદ ગુંજશે નગારા વાગશે અને જય જગન્નાથના જયઘોષથી આખું અમદાવાદ ગુંજી ઊઠશે અને જ્યારે મહાપ્રભુનો રથ આગળ વધશે ત્યારે માત્ર રસ્તાઓ જ નહીં પરંતુ લાખો ભક્તોના હૃદયો પણ ભક્તિથી છલકાઈ ઊઠશે. કારણ કે આ માત્ર એક યાત્રા નથી. આ છે આસ્થા, પરંપરા, સમરસતા અને ભક્તિનો મહોત્સવ જ્યાં ભગવાન સ્વયં પોતાના ભક્તોને મળવા તેમના દ્વારે આવે છે.

## પ્રભુના સોના વેશના દર્શન કરવા જમાલપુર મંદિરે ભક્તોનું ઘોડાપૂર

### વિવિધ પોળો અને મંદિરો મળીને ૨૬ સ્થળોએ રસોડા

# જગન્નાથજીના મોસાળમાં ભક્તો માટેના મહાપ્રસાદની તૈયારીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૫



શહેરમાં અષાઢી બીજના પાવન પર્વે નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે, ત્યારે જગતના નાથને આવકારવા માટે તેમનું મોસાળ સરસપુર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. રથયાત્રા દરમિયાન સરસપુરમાં ઉમટી પડનારા લાખો ભક્તો માટે ૨૬ જેટલી અલગ-અલગ જગ્યાઓએ રસોડા ધમધમી રહ્યા છે.

અમદાવાદના સરસપુરના મોસાળવાસીઓ છેલ્લા એક મહિનાથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજીના સ્વાગત માટે રાત-દિવસ એક કરી રહ્યા છે. આ વર્ષે સરસપુરની વિવિધ પોળો અને મંદિરો મળીને કુલ ૨૬ સ્થળોએ રસોડા શરૂ કરવામાં આવ્યા છે. જેમાં મોટી સાળવી વાડ, લુહાર શેરી, કડિયા વાડ, પીપળા પોળ અને લીમડા પોળ જેવી ઐતિહાસિક પોળોમાં પૂરી, શાક, બુંદી અને ફૂલવડી સહિતના સ્વાદિષ્ટ ભોજનની તૈયારીઓ ચાલી રહી છે.

અહીં આવતા ખલાસી ભાઈઓ, સાધુ-સંતો, અખાડાના સભ્યો અને સામાન્ય ભક્તો માટે અલગ-અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ભવ્ય આયોજનના અદભુત સંચાલન અંગે વિગતો આપતા મોટી સાળવી વાડના આયોજકો નરસિંહ પટેલ અને જનકભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ આખી પ્રક્રિયા વ્યવસ્થાપનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. માત્ર મોટી સાળવી વાડમાં જ રથયાત્રાના દિવસે ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ ભક્તો માટે જમણવાર યોજાશે. આ એક જ પોળના રસોડા માટે ૨૦૦થી વધુ સ્વયંસેવકો સતત સેવા આપી રહ્યા છે. અહીંયા જમણવારના આયોજન માટે ૧૮૦૦ કિલો બુંદી, ૧૮૦૦ કિલો જેટલી ફૂલવડી, ૧૫૦૦ કિલો જેટલા બટાકાનું શાક બનાવવામાં આવે છે. આ ભોજન માટે ૬૦ જેટલા ડબા તેલનો વપરાશ થાય છે, જ્યારે ભોજન માટે પૂરી બનાવવા માટે ૨૫૦૦ કિલો જેટલા લોટનો વપરાશ થાય છે. ૧૪૯ વર્ષની આ પરંપરાને જાળવી રાખવા માટે મોસાળના પુરુષો, મહિલાઓ અને બાળકો કોઈ પણ ભેદભાવ વિના ભક્તિભાવપૂર્વક સેવામાં જોડાઈ જાય છે. આ વર્ષે પણ મોસાળવાસીઓ ભગવાનની નગરચર્યાને ભવ્ય રીતે આવકારવા અને ભક્તોની જઠરાગ્નિ તૃપ્ત કરવા માટે ભારે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

### અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા, ૧૦ ડ્રોનથી બાજ નજર રખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૫

આગામી ૧૬ જુલાઈએ એટલે કે અષાઢી બીજના દિવસે અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથજી, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા સાથે લોકોને દર્શન આપવા રથમાં સવાર થઈને નીકળશે.

૪૯મી રથયાત્રામાં ૧૮ ગજરાજ, ભજન મંડળી, શણગારેલા ટ્રક અને કરતબ કરતા અખાડાની અદભૂત પ્રતિકૃતિ જોવા મળશે. ત્યારે શણગારેલા ટ્રકને અને અખાડાનું મોનિટરિંગ કરવા પોલીસે ખાસ તૈયારી કરી છે. જેમાં આ વખતે તમામ ટ્રક સંચાલક અને ડ્રાઈવર સહિત અન્ય લોકોનું આધાર એપ દ્વારા વેરિફિકેશન કરાશે. આ ઉપરાંત, ટ્રકમાં ૧ પોલીસ ડ્રાઈવર અને AMCનું સ્પેશિયલ રિપેરિંગ વ્હીકલ ટીમ સાથે ૧૦ ટ્રકની પાછળ રહેશે. જેમાં સમગ્ર રથયાત્રા દરમિયાન ૧૦ ડ્રોનથી પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવશે.

મળતી માહિતી મુજબ, આ વર્ષે સુરક્ષાના ભાગરૂપે રથયાત્રામાં જોડાનાર તમામ આયોજકો, સંચાલકો, ટ્રક માલિકો અને ડ્રાઈવરોનું પ્રતિરક્ષા આધાર ઈનેબલ એપ દ્વારા ફરજિયાત વેરિફિકેશન કરવામાં આવશે અને ત્યારબાદ જ તેઓને ઓળખપત્ર ઈશ્યૂ કરાશે.

રથયાત્રામાં જોડાનાર તમામ ટ્રકો સુરક્ષિત રહે તે માટે RTO મારફતે વાહનોની યાંત્રિક ચકાસણી કરવામાં આવશે, તેમજ BDDS એટલે કે, બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ ટીમો દ્વારા ટ્રકોનું એન્ટી-સબોટેજ ચેકિંગ પણ હાથ ધરાશે. ડ્રાઈવરોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તમામ ટ્રક ડ્રાઈવરોનું મેડિકલ ચેકઅપ ફરજિયાત કરવામાં આવ્યું છે.

રથયાત્રા દરમિયાન કોઈપણ ઈમરજન્સી સંજોગો સર્જાય તો તેને પહોંચી વળવા માટે દરેક ટ્રકમાં મુખ્ય ડ્રાઈવરની સાથે ૧ પોલીસ ડ્રાઈવર પણ રાખવામાં આવશે. આ ઉપરાંત, રસ્તામાં કોઈપણ વાહનમાં ખામી સર્જાય તો તુરંત ઉકેલ લાવવા માટે આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્પેશિયલ રિપેરિંગ વ્હિકલ અને માણસોની ટીમ દર ૧૦-૧૦ ટ્રકની પાછળ તહેનાત રાખવામાં આવશે.

**તંત્રીની કલમે**

# જળ સંસાધનો રાજકીય સંઘર્ષના પણ સ્ત્રોત

૨૦ મી સદી ક્રુડ ઓઈલની જયારે ૨૧ મી સદી પાણીની ગણાય છે. પૃથ્વી પર વધતી જતી વસ્તીની સાથે પાણીનો વપરાશ પણ વધતો જાય છે. વિશ્વમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધી સહિતની ૨૦૦ કરતા પણ વધુ જળ સંધીઓ અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત ૩૧૦ જેટલી આંતરરાષ્ટ્રીય નદીઓ અને ઘાટીઓમાંથી અડધાથી વધુમાં કોઈ આંતરરાષ્ટ્રીય સમજૂતી કે સંયુકત બેસિનનો અભાવ છે. એક કરતા વધુ દેશમાંથી પસાર થતા સહિયારા જળ સ્ત્રોત જેવા કે નદી, ઝરણા સંઘર્ષનું નિમિત્ત બનતા રહે છે. એક માહિતી મુજબ વિશ્વમાં ૪ અબજ લોકો બે કે વધુ દેશોની રાજકિય સરહદો પાર કરીને જતી નદીઓ,ઘાટી કે તેની આસપાસના વિસ્તારમાં રહે છે. પાણી જીવનનું અમૃત અને સતત સામાજિક- આર્થિક વિકાસનો આધાર છે. પહેલું જળયુધ્ધ ૪૫૦૦ વર્ષ પહેલા મેસોપોટામિયાના ઉમ્મા અને લાગાશ નામના બે વિસ્તારો વચ્ચે ટાઈગ્રીસ નદીના સિંચાઈના પાણી માટે થયું હતું. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન રોયલ એર ફોર્સ સ્કવાડ્રન ૬૧૭ને અમેરિકાના ડેમ બસ્ટર્સનું ઉપનામ મળ્યું હતું. ૧૬ મે ૧૯૪૩ના રોજ ઓપરેશન ચેસ્ટિસ હેઠળ બાઉસિંગ બોંબનો ઉપયોગ કરીને જર્મનીના મોહને અને એડરસી ડેમ તોડયા હતા. ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે જોર્ડન નદી પરના જળનું નિયંત્રણ એક લાંબો અને જટિલ સંઘર્ષ રહયો છે. ઈઝરાયેલ જોર્ડન નદી પર અપસ્ટ્રીમ રિપેરિયન છે. જોર્ડનની એક સહાયક નદી યાર્મુક સીરિયા અને જોર્ડન વચ્ચે ૩૨ કિમી અને ત્યાર પછી ઈઝરાયેલ અને જોર્ડન વચ્ચે ૧૪ કિમીનો સીમા વિસ્તાર ધરાવે છે. આરબ -ઈઝરાયેલ યુદ્ધ પછી શંકા અને દુશ્મનાવટના માહોલમાં જોર્ડન-યાર્મુક નદીના પાણીની વહેંચણી એક મોટી સમસ્યા તરીકે ઉભરી આવી હતી. એક નવા પ્રકારના ઘર્ષણને ટાળવા યુએસના આઈઝનહોવર પ્રશાસને ૧૯૫૫માં નવી સમજૂતી રજૂ કરી હતી. એરિક જોનસન નામની આ સમજુતી હેઠળ ઈઝરાયેલને ૪૦૦ એમસીએમ પાણી, જોર્ડનને ૭૨૦ એમસીએમ, સીરિયાને ૧૩૨ એમસીએમ અને લેબનોનને ૩૫ એમસીએમ પાણી ફાળવવાનો પ્રસ્તાવ હતો. આ યોજનામાં જળ સંસાધનો વિકસિત કરવા માટે એક સંયુકત પ્રયાસ માટેની પરિકલ્પના પણ કરવામાં આવી હતી.આરબ દેશોએ સંયુકત પ્રયાસમાંથી હાથ ઉંચા કરી લીધા કારણ કે તેઓ આ રીતે ઈઝરાયેલને એક દેશ તરીકે માન્યતા આપવા રાજી ન હતા. આરબ દેશોનું વલણ જોતા અમેરિકાએ જોર્ડન નદીનું પાણી વાળવા માટે ઈઝરાયેલને સમર્થન જાહેર કર્યુ.

**ઈલેવાન ઠાકર**

### ભારતની વેપાર ખાધ ૨૫થી ૩૦ અબજ ડોલર વધશે

# અમેરિકા-ઈરાન યુદ્ધથી ભારતનો જીડીપી ૧.૨ ટકા ગગડયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**દુબઈ/તહેરાન, તા.૧૫**

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત યુદ્ધ શરૂ થઈ જતાં ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરવાની જાહેરાત કરી છે ત્યારે ઈરાનની ચેતવણી અવગણીને હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા યુએઈના બે જહાજ પર આઈઆરજીસીએ ગોળીબાર કર્યો હતો, જેમાં એક ભારતીયનું મોત નીપજ્યું હતું અને ૧૦થી વધુ ઘાયલ થયા હતા. અમેરિકા અને ઈરાન બંને સાથે ભારતને સારા સંબંધો છે. ઈરાનના દિવંગત સુપ્રીમ લીડર ખામેનેઈના જનાજામાં ભારતીય પ્રતિનિધિઓ પ્રાર્થના કરે છે જ્યારે ઈરાન ભારતીય નાવિકો પર હુમલા કરે છે.

બીજીબાજુ ટ્રમ્પ પીએમ મોદીને સારા મિત્ર ગણાવે છે જ્યારે અમેરિકા પણ ભારતીય જહાજો પર હુમલા કરતા અચકાતું નથી અને ભારત તેની સામે કશું બોલી શકતું નથી. આમ, નેતાઓ બંને દેશો સાથે સારા સંબંધો રાખવાનું જનતાને મોંઘું પડી રહ્યું છે. અમેરિકા અને ઈરાનના આ યુદ્ધના કારણે ભારતનો જીડીપી ૧.૨ ટકા જેટલો ગગડી ગયો છે.દુનિયાના સૌથી વ્યસ્ત વ્યાપારિક માર્ગોમાંના એક હોર્મુઝની ખાડી પર પોતાનું પ્રભુત્વ હોવાનો દાવો કરતા ઈરાને બધા જ જહાજો માટે હોર્મુઝ બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિમાં યુએઈના બે કોમર્શિયલ વેસેલ્સ એઆઈ બહિયા અને એમટી મોમ્બાસા હોર્મુઝમાંથી પસાર થતા હતા. આ બંને જહાજો પર કુલ ૩૦ ભારતીય નાવિકો સવાર હતા. ઓઈલ ટેન્કર પર ઈરાનના હુમલામાં એક ભારતીયે જીવ ગુમાવ્યો હતો અને અન્ય આઠ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી ચારની સ્થિતિ ગંભીર છે. ઈજાગ્રસ્તોમાં બે યુક્રેનના નાગરિકનો સમાવેશ થાય છે.ઈરાનના હુમલામાં ભારતીય નાવિકના મોતનો ભારતીય વિદેશ મંત્રાલયે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિદેશ મંત્રાલયે ઈરાનના રાજદૂતને સમન્સ પાઠવી ખુલાસો માગ્યો હતો. અમેરિકા અને ઈઝરાયેલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યા પછી શરૂ થયેલા યુદ્ધમાં છેલ્લા સાડા ચાર મહિનામાં વિવિધ હુમલામાં કુલ ૧૩ ભારતીયોનાં મોત થયા છે તેમ ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

મંત્રાલયે ઉમેર્યું કે, કે, યુએઈના બંને જહાજ પર કુલ ૪૬ ક્રૂ હતા, જેમાંથી ૩૦ ભારતીય હતા. અમેરિકા અને ઈરાનના યુદ્ધના કારણે હોર્મુઝની ખાડી અને ફારસની ખાડીમાં કામ કરી રહેલા ભારતીય નાવિકોએ ભારે કિંમત ચૂકવવી પડી રહી છે.કેટલાક મીડિયા અહેવાલ મુજબ બંને દેશના યુદ્ધમાં છેલ્લા સાડા ચાર મહિનામાં કુલ ૩૦ ભારતીયોનાં મોત થયા છે. હોર્મુઝની ખાડી નજીક જહાજો પર હુમલામાં ૨૨નાં મોત થયા છે જ્યારે જહાજમાં આગ લાગવા અને ડૂબી જવાથી આઠ ભારતીયોએ જીવ ગુમાવ્યો છે. આઈએફપીઆરઆઈના રિપોર્ટ મુજબ અમેરિકા અને ઈરાનના યુદ્ધની ભારતીય અર્થતંત્ર પર ભારે નકારાત્મક અસર થઈ છે.યુદ્ધના કારણે ભારતીય જીડીપી ૦.૮ ટકાથી ૧.૨ ટકા સુધી ગગડયો હતો. સ્થાનિક અર્થતંત્રમાં પણ ૧.૫ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. ક્રૂડ ઓઈલના ભાવ વધવાના પગલે દેશમાં મોંઘવારીમાં ૧.૮ ટકાથી ૨.૫ ટકાનો વધારો થયો છે.ભારતનું ક્રૂડ ઓઈલનું આયાત બિલ પહેલાંની સરખામણીમાં ૨૫થી ૩૦ ટકા વધી ગયું છે.વધુમાં સિંગાપોરની નેશનલ યુનિવર્સિટીની ઈન્સ્ટિટયૂટ ઓફ સાઉથ એશિયન સ્ટડીઝના રિપોર્ટ મુજબ આ યુદ્ધના પગલે ભારતની વેપાર ખાધ ૨૫થી ૩૦ અબજ ડોલર વધી શકે છે જ્યારે ચાલુ ખાતાની ખાધ જીડીપીના ૧.૨ ટકાથી વધીને ૨.૫ ટકા સુધી પહોંચી શકે છે. વિદેશી હુંડિયામણનો ભંડાર ૨૦-૨૫ અબજ ડોલર સુધી ઘટી શકે છે.

# જાહેરમાં કચરો ફેંકતા વેપારીઓ સામે મનપાની લાલ આંખ

**(સંપૂર્ણ સમાચાર સેવા) જામનગર,તા.૧૪**

જામનગર મહાનગરપાલિકાએ શહેરમાં જાહેર સ્વચ્છતા અને આરોગ્ય જાળવવા માટે કોમર્શિયલ એકમો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. મહાનગરપાલિકા કમિશનરના માર્ગદર્શન હેઠળ શહેરભરના ૮૦૦થી વધુ હોટલ, રેસ્ટોરન્ટ, લારી-ગલ્લા અને અન્ય વેપારી એકમોને ન્યૂસન્સ નોટિસ ફટકારવામાં આવી છે.

શહેરમાં જાહેર સ્થળોએ કચરો ફેંકવાની અને ગંદકી ફેલાવવાની ઘટનાઓ રોકવા માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

મનપા દ્વારા આપવામાં આવેલી નોટિસમાં તમામ વેપારીઓને પોતાના ધંધાકીય સ્થળે ફરજિયાત ડસ્ટબિન રાખવા, ગ્રાહકો દ્વારા કચરો યોગ્ય સ્થળે જ નાખવામાં આવે તેની ખાતરી કરવા તેમજ ગંદા પાણી અથવા અન્ય કચરાનો જાહેરમાં નિકાલ ન કરવા સૂચના આપવામાં આવી છે. વેપારીઓને તેમના એકમની આસપાસ સ્વચ્છતા જાળવવાની અને મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સેવાનો જ ઉપયોગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

મહાનગરપાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો નોટિસમાં દર્શાવેલા નિયમોનું પાલન કરવામાં નહીં આવે તો પ્રથમ તબક્કે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ પણ નિયમોનો ભંગ ચાલુ રહેશે તો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (GPMC) અધિનિયમ, ૧૯૪૯ની જોગવાઈઓ હેઠળ સંબંધિત ધંધાકીય એકમને સીલ કરવા અથવા બંધ કરાવવા જેવી કડક કાર્યવાહી કરવામાં આવશે.

મનપાના જણાવ્યા અનુસાર, છેલ્લા એક સપ્તાહ દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવવાના વિવિધ કેસોમાં ૨૩૪ વ્યક્તિઓ અને વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ ૯૦,૦૦૦નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો છે.

શહેરમાં સ્વચ્છતા જાળવવાના આ અભિયાનને આગામી દિવસોમાં વધુ વ્યાપક બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. વિવિધ વિસ્તારોમાં નિયમિત ચેકિંગ, નિરીક્ષણ અને જાહેર સ્થળોની સફાઈ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકાએ તમામ વેપારીઓ, ઉદ્યોગકારો અને નાગરિકોને શહેરને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવામાં સહયોગ આપવા અપીલ કરી છે.

તંત્રનું કહેવું છે કે સ્વચ્છતા માત્ર સરકારી જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિક અને વેપારીની પણ સામૂહિક ફરજ છે. શહેરને સ્વચ્છ રાખવા માટે નિયમોનું પાલન કરનારને પ્રોત્સાહન અને નિયમ ભંગ કરનાર સામે કડક કાર્યવાહી બંનેનો અભિગમ અપનાવવામાં આવશે.

# ૨૨ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૫**

હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.હવામાન વિભાગે આજે બિહારમાં અને ઉત્તરપૂર્વ ભારત, છત્તીસગઢ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી કરી છે.

આંદામાન અને નિકોબાર ટાપુઓ, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, માહે અને તેલંગાણામાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી બે દિવસ કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે. વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, દરિયાકાંઠાના કર્ણાટક, ઉત્તર આંતરિક કર્ણાટક, પંજાબ, રાયલસીમા અને ઉત્તર પ્રદેશમાં આવતીકાલ સુધી હવામાન ગરમ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી કેટલાક દિવસો સુધી જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાવાઝોડા અને વીજળી સાથે હળવોથી ભારે વરસાદ ચાલુ રહેશે. જમ્મુ-કાશ્મીરમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જ્યારે ઉત્તરાખંડના બાગેશ્વર, પિથોરાગઢ, ચંપાવત, નૈનિતાલ, રુદ્રપ્રયાગ અને ચમોલીમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

# ત્રણેય રથનું ૩૫ ડ્રોન અને GPSથી લાઇવ મોનિટરિંગ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૫**

અમદાવાદમાં અષાઢી બીજના પાવન દિવસે યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને લઈને પોલીસ પ્રશાસને સુરક્ષાની તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપી દીધો છે. આ વર્ષે રથયાત્રામાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પરંપરાગત સુરક્ષા સાથે અત્યાધુનિક ટેક્નોલોજીનો પણ વ્યાપક ઉપયોગ કરવામાં આવશે. સમગ્ર રથયાત્રા રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડ્રોન અને GPS સિસ્ટમ દ્વારા સતત નજર રાખવામાં આવશે.

ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજીના ત્રણેય રથોની સુરક્ષા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. રથ ખેંચનારા તમામ ખલાસીઓનું 'આધાર ઈનેબલ એપ' મારફતે વેરિફિકેશન કરવામાં આવશે. તપાસ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ મંદિર તરફથી તેમને બારકોડવાળા વિશેષ ઓળખપત્ર આપવામાં આવશે. આ વ્યવસ્થાનો હેતુ રથ સાથે જોડાયેલા દરેક વ્યક્તિની ઓળખ સુનિશ્ચિત કરવાનો છે.

રથયાત્રાના સમગ્ર રૂટ પર કુલ ૧૦૦ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે, જેમાંથી ૩૫ વિશેષ ડ્રોન દ્વારા ત્રણેય રથનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત GPS ટેક્નોલોજીની મદદથી રથોની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવશે. કંટ્રોલ રૂમમાંથી રથયાત્રાની દરેક ગતિવિધિનું નિરીક્ષણ કરવામાં આવશે જેથી જરૂરિયાત મુજબ તાત્કાલિક કાર્યવાહી કરી શકાય.

રથોની સુરક્ષા માટે દરેક રથ સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓની આગેવાની હેઠળ વિશેષ પોલીસ કાફલો તૈનાત રહેશે. દરેક રથની સુરક્ષા માટે એક ASP કક્ષાના અધિકારી મુખ્ય જવાબદારી સંભાળશે. તેમની સાથે પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય અધિકારીઓ ફરજ બજાવશે. રથની આગળ-પાછળ તેમજ બંને બાજુ પોલીસ અધિકારીઓ સતત સાથે ચાલશે.

ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પુશિંગ સ્કવોર્ડ પણ તૈનાત કરવામાં આવશે. આ ટીમ રથની આસપાસ ભીડને નિયંત્રિત કરશે અને રથ સરળતાથી આગળ વધી શકે તે માટે સુરક્ષા કોર્ડન બનાવશે. દોરડા અને માનવ સાંકળ દ્વારા રથની આસપાસ સુરક્ષિત વિસ્તાર જાળવવામાં આવશે.

આ ઉપરાંત સમગ્ર રથયાત્રા માર્ગ પર ઝઝ્ઝ઼ કેમેરા, વાયરલેસ સિસ્ટમ, કેમેરાવાન અને કંટ્રોલ રૂમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પોલીસનું મુખ્ય ધ્યાન ભીડ નિયંત્રણ, શાંતિ જાળવવા અને ભક્તોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા પર રહેશે.

ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ જોડાય છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભક્તો ઉમટવાની શક્યતા હોવાથી અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. હાઈટેક ટેક્નોલોજી અને વિશાળ પોલીસ બંદોબસ્ત સાથે રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ભારત સીટ્સ કંપનીની કેન્ટીનમાં પીરસાયેલા ભોજનને લઈને વિવાદ સર્જાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરેન્દ્રનગર,તા.૧૪**

સુરેન્દ્રનગર શહેરની બહુચરાજી રોડ પર આવેલી ભારત સીટ્સ કંપનીની કેન્ટીનમાં પીરસાયેલા ભોજનને લઈને વિવાદ સર્જાયો છે. કર્મચારીઓના દાવા મુજબ, કેન્ટીનમાં પીરસાયેલા ભોજનમાં ગરોળી મળી આવતાં ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટનાના થોડા સમય બાદ ૧૦થી વધુ કર્મચારીઓની તબિયત લથડતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે કંપનીની કેન્ટીનની સ્વચ્છતા અને ભોજનની ગુણવત્તા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી અનુસાર, કંપનીના કર્મચારીઓ નિયમિત રીતે કેન્ટીનમાં જમતા હતા ત્યારે એક કર્મચારીના ભોજનમાં કથિત રીતે મરેલી ગરોળી જોવા મળી હતી. આ વાત સામે આવતા અન્ય કર્મચારીઓમાં પણ ચિંતા ફેલાઈ હતી.

તે દરમિયાન કેટલાક કર્મચારીઓને ઊલટી, ઉબકા અને અસ્વસ્થતા જેવી તકલીફો શરૂ થતાં તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કર્મચારીઓની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ફૂડ પોઈઝનિંગનું ચોક્કસ કારણ જાણવા માટે તબીબી તપાસ અને જરૂરી પરીક્ષણો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ઘટના બાદ કર્મચારીઓએ કેન્ટીન સંચાલકો સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમનો આરોપ છે કે કેન્ટીનમાં લાંબા સમયથી નીચી ગુણવત્તાનું ભોજન પીરસવામાં આવે છે અને સ્વચ્છતાના ધોરણોનું યોગ્ય પાલન થતું નથી. કેટલાક કર્મચારીઓએ એવો પણ આક્ષેપ કર્યો છે કે અગાઉ પણ ભોજનમાં ગરોળી મળ્યાની ઘટના બની હતી અને તે અંગે અવાજ ઉઠાવનાર કર્મચારી સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

ઘટનાની જાણ થતાં સંબંધિત અધિકારીઓ દ્વારા સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ભોજનના નમૂનાઓ એકત્ર કરીને તેની લેબોરેટરી તપાસ કરવામાં આવે તેવી શક્યતા છે. તપાસના આધારે જો કોઈ બેદરકારી સામે આવશે તો સંબંધિત લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# કાલાવડ નજીક ડિગ્રી વિના દવાખાનું ચલાવતો કથિત બોગસ ડોક્ટર ઝડપાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**જામનગર,તા.૧૫**



જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા ભાડુકિયા ગામમાં ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવવાના મામલે પોલીસે એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પાસે માન્ય મેડિકલ ડિગ્રી અથવા પ્રેક્ટિસ માટે જરૂરી કાનૂની લાયકાત ન હોવા છતાં તે દર્દીઓને સારવાર આપતો હોવાનો આરોપ છે. ઘટનાના પગલે પોલીસે દવાઓ, મેડિકલ સાધનો અને રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસ શરૂ કરી છે.

કાલાવડ ગ્રામ્ય પોલીસને મળેલી બાતમીના આધારે આરોગ્ય વિભાગના અધિકારીની હાજરીમાં સંયુક્ત દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પ્રવીણભાઈ પરસોતમભાઈ હીરપરા (ઉંમર ૫૦), રહે. મોટા ભાડુકિયા ગામ, પાસે વિવિધ કંપનીઓની એલોપેથી દવાઓ, સારવારમાં ઉપયોગી મેડિકલ સાધનો તેમજ રોકડ મળી આવી હતી.

પોલીસે સ્થળ પરથી કુલ ૧૭,૯૮૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપી પાસે દર્દીઓની સારવાર કરવા માટે જરૂરી મેડિકલ ડિગ્રી અથવા સત્તાવાર નોંધણીના દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હોવાનું પોલીસનું કહેવું છે.

આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની સંબંધિત કલમો તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની પૂછપરછ શરૂ કરી છે અને તે કેટલા સમયથી આ પ્રવૃત્તિ ચલાવતો હતો, કેટલા દર્દીઓને સારવાર આપી હતી અને અન્ય કોઈ વ્યક્તિ તેની સાથે સંકળાયેલી છે કે નહીં તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે.

આરોગ્ય વિભાગના અધિકારીઓએ લોકોને અપીલ કરી છે કે સારવાર માટે હંમેશા નોંધાયેલા અને અધિકૃત ડોક્ટરોનો જ સંપર્ક કરવો જોઈએ. કોઈપણ વ્યક્તિ પાસે યોગ્ય લાયકાત અને નોંધણી વગર સારવાર આપવામાં આવતી હોવાની માહિતી મળે તો તેની જાણ તાત્કાલિક આરોગ્ય વિભાગ અથવા પોલીસને કરવી જોઈએ.તાજેતરના સમયમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં બોગસ ડોક્ટરો સામે કાર્યવાહી તેજ કરવામાં આવી છે. તંત્રનું કહેવું છે કે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં.

### વીજ તંત્રની ઘોર બેદરકારી સામે કારખાનેદારોનો આક્રોશ

# જામનગરનો જીવાદોરી સમાન બ્રાસ ઉદ્યોગ સંકટમાં

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**જામનગર,તા.૧૫**

વિશ્વવિખ્યાત 'બ્રાસ સિટી' તરીકેની આગવી ઓળખ ધરાવતા જામનગર શહેરના જીવાદોરી સમાન બ્રાસ ઉદ્યોગને આજે નિંભર અને આળસુ વીજ તંત્રના પાપે ભારે આર્થિક મુશ્કેલીઓની ખાઈમાં પડવાનો વારો આવ્યો છે. જામનગરના દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા શિવમ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં છેલ્લા ઘણા સમયથી વીજ પુરવઠો વારંવાર ખોરવાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે, જેના મુખ્ય કારણમાં શિવમ અને સિદ્ધનાથ ફીડરમાં લટકતા જીવલેણ તારો અને તંત્ર દ્વારા લોડ કેલિબ્રેશન ન કરવાની ગંભીર બેદરકારી સામેલ છે.

વર્ષો જૂના અને જર્જરિત થઈ ગયેલા આ તારોમાં વારંવાર ફોલ્ટ સર્જાતા હોવાથી તેને બદલવા માટે સ્થાનિક કારખાનેદારો દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોના પગલે વીજ તંત્રના ઉચ્ચ અધિકારીઓએ ગત માર્ચ મહિના સુધીમાં તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરી દેવાની બાહેંધરી આપી હતી, પરંતુ આજે જુલાઈ મહિનો આવી ગયો હોવા છતાં પરિસ્થિતિ જૈસે થે રહેતા કોઈ જ નક્કર કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી.

આખરે ધીરજ ખૂટી જતાં અને તંત્રની ઉદાસીનતાથી રોષે ભરાયેલા ઉદ્યોગકારોએ આજે લાલબંગલો સ્થિત પીજીવીસીએલની અધિક્ષક કચેરી ખાતે એક વિશાળ રેલી યોજીને પહોંચ્યા હતા.

આક્રોશિત કારખાનેદારોએ બહેરા અને મૂંગા બની ગયેલા તંત્રને ઢંઢોળવા અને જગાવવાના પ્રયાસરૂપે કચેરી પરિસરમાં ભારે નારા લગાવી પોતાનો સખત વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

વીજ તંત્રની આ અણઆવડત અને બેજવાબદારીના પરિણામે નાના અને મધ્યમ વર્ગના કારખાનેદારોને પડયા પર પાટુ જેવી સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. નિયમિત કામકાજના દિવસો દરમિયાન પાવર પુરવઠો ગાયબ રહેતા આખો ઉદ્યોગ ઠપ્પ થઈ જાય છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, મોટાભાગના ઉદ્યોગકારોએ બેક્રમાંથી જંગી લોન લઈને મશીનો વસાવ્યા હોય છે, ત્યારે વીજકાપના કારણે ઉત્પાદન ન થવાથી બેક્રના હપ્તા ભરવા સમયે ભારે નાણાંકીય ભીડ અને ગંભીર આર્થિક કટોકટી ઊભી થાય છે. બીજી તરફ, કારખાનામાં કામ કરતા કારીગરોને કામ વિના બેસાડી રાખીને પણ પગાર ચૂકવવો પડે છે, જેની સીધી અસર નાના કારખાનેદારોની કમર તોડી રહી છે.

આર્થિક નુકસાની ઉપરાંત, આડેધડ લટકતા અને વારંવાર તૂટી પડતા વીજ વાયરોના કારણે જાહેર માર્ગો પરથી પસાર થતા લોકોના માથે સતત જીવનું જોખમ તોળાઈ રહ્યું છે.

દાયકાઓનો સમય વીતી ગયો હોવા છતાં વીજ તંત્રની આ કથળેલી કાર્યપ્રણાલીમાં સહેજ પણ સુધારો જોવા મળ્યો નથી, ત્યારે હવે ઉદ્યોગકારો સત્વરે આ સમસ્યાના કાયમી નિરાકરણની માંગ કરી રહ્યા છે.

# શ્રદ્ધા, સંસ્કૃતિ અને સમર્પણનો સંગમ: અષાઢી બીજે યોજાતો 'જગન્નાથ મહાપર્વ'



**બ્યુરો રિપોર્ટ :-**
**જે બી ટાંક પત્રકાર સુરત,**

અષાઢ સુદ બીજના પવિત્ર દિવસે યોજાતી જગન્નાથ રથયાત્રા એ ભારતીય સંસ્કૃતિની સામાજિક સમરસતા, અખંડ આસ્થા અને સામૂહિક ભક્તિનું સર્વોચ્ચ પ્રતિક છે. આ વર્ષે ૧૪૯મી ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે. સામાન્ય દિવસોમાં ભક્તો ભગવાનના દર્શને મંદિર જાય છે, પરંતુ વર્ષમાં એકવાર અષાઢી બીજના દિવસે જગતનો નાથ સ્વયં પોતાના ગર્ભગૃહમાંથી બહાર નીકળીને પ્રજાના સુખ-દુઃખ જાણવા અને તમામ વર્ગના ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળે છે. આ મંગલમય અવસરે સમગ્ર વાતાવરણ 'જય જગન્નાથ'ના નારાઓ, ભજન મંડળીઓના સૂર અને ભક્તિભાવથી ગુંજી ઉઠે છે. પરંતુ આ મહાપર્વ પાછળ પૌરાણિક કથાઓ અને ઐતિહાસિક તથ્યો જોડાયેલા છે.

**રથયાત્રાનો ઇતિહાસ અને પૌરાણિક માન્યતાઓ**

રથયાત્રાનો ઉલ્લેખ બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણમાં પણ જોવા મળે છે. પુરીમાં આ પરંપરા સદીઓ જૂની છે, જ્યારે અમદાવાદમાં આ પરંપરાનો પ્રારંભ ૨ જુલાઈ ૧૮૭૮ના રોજ મહંત નરસિંહદાસજી મહારાજ દ્વારા કરવામાં આવ્યો હતો, જે આજે ભારતની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રા બની ચૂકી છે.તેની પાછળ બે પ્રચલિત માન્યતાઓ અને કથાઓ જોડાયેલી છે.

સુરત શહેરમાં રથયાત્રાની પરંપરાનો ઈતિહાસ ખૂબ જ ભવ્ય છે. સુરતમાં ભક્તિભાવપૂર્વક રથયાત્રાની શરૂઆત વર્ષ ૧૯૮૦થી અમરોલી સ્થિત ઐતિહાસિક લંકા વિજય હનુમાનજી મંદિરની રથયાત્રા સમગ્ર શહેરમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર અને સૌથી જૂની રથયાત્રા પૈકીની એક માનવામાં આવે છે. સુરતમાં વસતા ઓડિશાવાસીઓ અને સ્થાનિક મંદિરો દ્વારા પણ પરંપરાગત શૈલીમાં રથયાત્રા કાઢવામાં આવે છે, જે સુરતની સાંસ્કૃતિક વિવિધતા અને એકતાનું પ્રતિક છે. આ ઉપરાંત, દર વર્ષે અષાઢી બીજના પવિત્ર દિવસે ઈસ્કોન મંદિર દ્વારા રેલવે સ્ટેશનથી શરૂ થઈને જહાંગીરપુરા ઈસ્કોન છેલ્લા મંદિર સુધી જાય છે.

બહેન સુભદ્રાની નગર જોવાની ઈચ્છા: પ્રચલિત કથા અનુસાર, એકવાર ભગવાન શ્રીકૃષ્ણના બહેન સુભદ્રાજીએ દ્વારકા નગર જોવાની ઈચ્છા વ્યક્ત કરી. તેથી ભગવાન શ્રીકૃષ્ણ અને મોટાભાઈ બલરામે બહેન સુભદ્રાને રથમાં બેસાડીને આખું નગર ફેરવ્યું હતું. આ ઘટનાની યાદમાં દર વર્ષે અષાઢી બીજના દિવસે ત્રણેય ભાઈ-બહેનની રથયાત્રા કાઢવાની પરંપરા શરૂ થઈ.

● ગુંડિચા દેવી (માસીનું ઘર) ની કથા: અન્ય કથા મુજબ, ભગવાન જગન્નાથના પરમ ભક્ત રાજા ઈન્દ્રદ્યુમ્ન અને તેમની રાણી ગુંડિચાના આગ્રહથી ભગવાને વચન આપ્યું હતું કે તેઓ વર્ષમાં એકવાર તેમના ઘરે (મોસાળ/માસીના ઘરે) આવશે. આ વચન પૂરું કરવા માટે ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજી રથમાં સવાર થઈને માસીના ઘરે એટલે કે ગુંડિચા મંદિર જાય છે.

**રથયાત્રા પૂર્વેની તૈયારીઓ અને ધાર્મિક વિધિઓ**

રથયાત્રા એ માત્ર એક દિવસનો ઉત્સવ નથી, તેની પાછળ મહિનાઓની શાસ્ત્રોક્ત વિધિઓ જોડાયેલી છે:

★ અક્ષય તૃતીયા(રથ નિર્માણ): વૈશાખ સુદ ત્રીજના દિવસે નવા રથ બનાવવાનું અથવા ચકાસણી કરવાનું કામ શરૂ થાય છે. લીમડા અને પવિત્ર લાકડામાંથી બનેલા આ રથો પર સુંદર કોતરણી કરવામાં આવે છે.

★ જળયાત્રા અને સ્નાનયાત્રા (જેઠ પૂનમ): જેઠ મહિનાની પૂનમે નદીના પવિત્ર જળના ૧૦૮ કળશથી ભગવાનને દિવ્ય સ્નાન કરાવવામાં આવે છે.

★ ભગવાનનો એકાંતવાસ (અણસર ઓઝર): વધારે સ્નાન કરવાને કારણે પ્રભુ બીમાર પડે છે અને ૧૫ દિવસ માટે ગર્ભગૃહના કપાટ બંધ થાય છે. રાજવૈદ્ય દ્વારા ભગવાનની સારવાર કરવામાં આવે છે અને તેમને માત્ર આયુર્વેદિક ઉકાળા તથા વિશેષ પથ્ય ભોગ ધરાવવામાં આવે છે. આ વિધિ દર્શાવે છે કે, ભગવાન પણ માનવ સહજ લીલાઓ કરીને ભક્તોની અત્યંત નજીક હોવાનો અહેસાસ કરાવે છે.

★ નેત્રોત્સવ વિધિ: એકાંતવાસ અને ઉપચાર પછી, અષાઢ સુદ એકમના દિવસે ભગવાન સંપૂર્ણ સ્વસ્થ થઈને પુનઃ પ્રગટ થાય છે. આ પવિત્ર અવસરે 'નેત્રોત્સવ વિધિ' કરવામાં આવે છે. જેમાં પરંપરાગત સેવાધારીઓ દ્વારા પ્રભુની મૂર્તિઓની આંખોને નવો રંગ આપી આખરી ઓપ આપવામાં આવે છે. ત્યારબાદ ભક્તો માટે પ્રભુના જે પ્રથમ દર્શન ખુલે છે, તેને 'નવયૌવન દર્શન' કહેવામાં આવે છે. પોતાના આરાધ્ય દેવને પુનઃ સ્વસ્થ અને તેજોમય સ્વરૂપમાં જોઈને ભક્તો ભાવવિભોર બની જાય છે અને રથયાત્રાનો ઉત્સાહ બમણો થઈ જાય છે.

**નગરચર્યાની ખાસિયત અને ધાર્મિક રીતિ-રિવાજો**

ભગવાન જગન્નાથ એટલે 'જગતના નાથ'. સામાન્ય રીતે ભક્તો ભગવાનના દર્શને મંદિરે જાય છે, પણ આ દિવસે ગર્ભગૃહમાંથી ભગવાન પોતે બહાર આવીને નગરમાં ફરે છે. આ નગરચર્યાની કેટલીક વિશિષ્ટ પરંપરાઓ છે:

★ પહંડી વિધિ: ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીને ગર્ભગૃહમાંથી લયબદ્ધ રીતે ઝુલાવતા ઝુલાવતા રથ સુધી લાવવામાં આવે છે, જેને 'પહંડી' કહેવાય છે.

★ છેરા પહંરા વિધિ: ઓડિશાના ગજપતિ રાજા(પુરીના રાજા) સોનાની સાવરણીથી રથના માર્ગ અને રથના પ્લેટફોર્મને સાફ કરે છે. આ વિધિ દર્શાવે છે કે ભગવાનની સામે રાજા પણ એક સામાન્ય સેવક જ છે.

★ પહિંદ વિધિ (ગુજરાત સંદર્ભે): સુરત ઈસ્કોન દ્વારા રેલ્વે સ્ટેશનથી અને અમરોલી ખાતેથી નીકળતી ભવ્ય રથયાત્રાઓમાં સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી અથવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાજ્ય કે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ સોનાની સાવરણીથી રથનો માર્ગ સાફ કરી, સુગંધિત જળનો છંટકાવ કરીને આ પવિત્ર 'પહીંદ વિધિ' સંપન્ન કરે છે.

**રથયાત્રાનો ક્રમ અને દિવસનું વર્ણન**

અષાઢી બીજના દિવસે વહેલી સવારે ચાર વાગ્યે મંગલા આરતી થાય છે. ભગવાનને મગ અને ખિચડાનો ભોગ ધરાવાય છે. ત્યારબાદ સૌથી મહત્વપૂર્ણ 'પહિંદ વિધિ' થાય છે, જેમાં રાજા અથવા રાજ્યના વડા સોનાની સાવરણીથી રથનો માર્ગ સાફ કરે છે.

**યાત્રાનો લશ્કરી ક્રમ:**

★ આગળનો ભાગ: સૌથી આગળ સુશોભિત ગજરાજો માર્ગ મોકળો કરે છે.

★ મધ્ય ભાગ: સાહસ અને શારીરિક શક્તિના કરતબો બતાવતા અખાડાના બલવાનો અને હરિનામ સંકીર્તન કરતી ભજન મંડળીઓ વાતાવરણને ગજવી મૂકે છે.

★ પાછળનો ભાગ: મુખ્ય આકર્ષણ એવા ત્રણેય ભવ્ય રથો શ્રદ્ધાળુઓ દ્વારા ખેંચવામાં આવે છે. શાસ્ત્રોક્ત માન્યતા અનુસાર, શ્રદ્ધાપૂર્વક રથનું દોરડું ખેંચવાથી મનુષ્યના જન્મોજન્મોના પાપો નષ્ટ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પરંપરાગત પ્રસાદનું મહત્વ**

રથયાત્રામાં મગ, જાંબુ અને કાકડીનો પ્રસાદ અઢળક પ્રમાણમાં વહેંચવામાં આવે છે. ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ અનુસાર ચોમાસાની શરૂઆતમાં આ ત્રણેય વસ્તુઓ સ્વાસ્થ્ય માટે ઉત્તમ માનવામાં આવે છે. અંકુરિત મગ શક્તિ આપે છે અને જાંબુ ચોમાસાના રોગો સામે રક્ષણ આપે છે. પ્રભુનો આ પ્રસાદ લેવા ભક્તોમાં ભારે ધસારો જોવા મળે છે.

નવ દિવસનું વર્ણન: રથયાત્રા પોતાના ગંતવ્ય સ્થાન એટલે કે ભગવાનના મોસાળ પહોંચે છે.

માસીનું ઘર: ભગવાન અહીં ૭ થી ૯ દિવસ રોકાય છે. અહીં તેમની ભારે આગતા-સ્વાગતા થાય છે અને વિવિધ પકવાનો ધરાવાય છે.

કોમી એકતાનું પ્રતીક: સરસપુરમાં કોઈપણ જાતના ભેદભાવ વગર લાખો ભક્તો માટે રસોડા શરૂ થાય છે, જ્યાં આખું નગર સેવા આપે છે.

હેરા પંચમી: પાંચમા દિવસે લક્ષ્મીજી રિસાઈને ભગવાનને મનાવવા મોસાળ આવે છે, જે એક અત્યંત રસપ્રદ વિધિ છે.

**પ્રભુનું અલગ અને અલૌકિક સ્વરૂપ**

મોસાળથી પરત ફરવાની યાત્રાને 'બહુડા યાત્રા' (ઉલટી રથયાત્રા) કહેવાય છે. મંદિરે પાછા ફર્યા પછી પ્રભુના અદભુત સ્વરૂપો જોવા મળે છે:

★ સુના બેશે (સોનાના શણગાર): રથો જ્યારે મુખ્ય મંદિરની બહાર આવીને ઊભા રહે છે, ત્યારે ભગવાનને અસલી સોનાના આભૂષણો પહેરાવવામાં આવે છે. આ દિવ્ય અલૌકિક સ્વરૂપ જોવા લાખો લોકો ઉમટી પડે છે.

★ અધર પના: રથ પર જ પ્રભુને માટીના મોટા ઘડામાં ખાસ શરબત ધરાવીને તે ઘડા ત્યાં જ ફોડી નાખવામાં આવે છે, જેથી અદ્રશ્ય જીવો તૃપ્ત થાય.

★ નીલાદ્રી વિજે: અંતે, ભાઈ-બહેન રથ પરથી ઉતરીને પુનઃ ગર્ભગૃહમાં સ્થાપિત થાય છે અને ઉત્સવ સંપન્ન થાય છે.

**રથનો મહિમા અને તેમની વિશેષતા**

રથયાત્રામાં ત્રણેય ભાઈ-બહેન માટે અલગ-અલગ રથ હોય છે, જેમના નામ અને રંગ શાસ્ત્રોમાં પૂર્વનિર્ધારિત છે:

★ નંદીઘોષ (ભગવાન જગન્નાથનો રથ): પીળા અને લાલ રંગના કાપડથી સજ્જ આ રથ સૌથી મોટો હોય છે. તેના ગરુડધ્વજ અને ૧૬ પૈડાં હોય છે.

★ તાલધ્વજ (બલભદ્રજીનો રથ): લીલા અને લાલ રંગના કાપડથી સજ્જ આ રથમાં ૧૪ પૈડાં હોય છે અને તેની પર મુસળનું ચિહ્ન હોય છે.

★ દેવદલન અથવા પદ્મધ્વજ (બહેન સુભદ્રાનો રથ): કાળા અને લાલ રંગના કાપડવાળા આ રથમાં ૧૨ પૈડાં હોય છે.

સ્કંદ પુરાણ અનુસાર, 'રથસ્થં વામનં દૃષ્ટ?વા પુનર્જન્મ ન વિદ્યતે' અર્થાત્ રથ પર બિરાજમાન ભગવાન જગન્નાથના માત્ર દર્શન કરવાથી મનુષ્ય પુનર્જન્મના બંધનમાંથી મુક્ત થઈ જાય છે.

રથયાત્રા ભારતીય સંસ્કૃતિની ભવ્યતા, અખાડાની કલા, ભક્તિનો નાદ, કોમી એકતા અને વસુધૈવ કુટુંબકમની ભાવનાનું જીવંત પ્રતિક છે.

રાત્રે જ્યારે નાથ પોતાના ભક્તોને હેત વરસીને નિજ મંદિરે પરત ફરે છે, ત્યારે સૌ કોઈ આવતા વર્ષની પ્રતીક્ષા સાથે ભાવુક હૈયે વિદાય લે છે. 'જય જગન્નાથ' ના નારા સાથે વાતાવરણ મહિનાઓ સુધી ગુંજતું રહે છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિથી અસરગ્રસ્ત વેપાર, વાણિજ્ય અને સેવાકીય એકમોને પૂર્વવત કરવા ઉદારતમ પુનઃવસન સહાય પેકેજ જાહેર કર્યું

**બ્યુરો રિપોર્ટ :-**
**જે બી ટાંક પત્રકાર સુરત**

સુરત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં જુલાઈ ૨૦૨૬ દરમિયાન થયેલા ભારેથી અતિભારે વરસાદથી આવેલ પૂરના કારણે સુરત શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિથી સ્થાનિક વાણિજય, વેપાર અને સેવાકીય એકમોને મોટા પાયે આર્થિક નુકશાન થયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વિકટ સ્થિતિમાંથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વેપાર-ધંધા ઝડપથી પુનઃકાર્યાન્વિત થાય તેમજ સ્થાનિક અર્થતંત્રને વેગ મળે તે હેતુથી અસરગ્રસ્ત વાણિજય, વેપાર અને સેવાકીય એકમો માટે ઉદારતમ પુનઃવસન સહાય પેકેજ જાહેર કર્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારે જાહેર કરેલા આ સહાય પેકેજની વિસ્તૃત વિગતો આપી હતી.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, આ પુનઃવસન સહાય પેકેજ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારોમાં નાના માણસોના વેપાર-ધંધા પૂર્વવત થઈ શકે તે માટે લારી/રેકડી, નાની કેબિન, મોટી કેબિન ધરાવતા દુકાનધારકોને ઉચ્ચક રોકડ સહાય આપવામાં આવશે.

જેમણે છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રીટર્ન ભરેલ હોય તેવા દુકાનધારકોને રૂ. ૧ લાખની ઉચ્ચક રોકડ સહાય આપવાનો સંવેદનાસ્પર્શી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

એટલું જ નહિ, જેમણે છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રીટર્ન ભરેલ હોય તેવા વેપારી/મોટી દુકાન અને પાકા બાંધકામવાળી દુકાનો માટે બેંકો અને નાણાંકીય સંસ્થાઓ દ્વારા અસરગ્રસ્ત એકમોને લોન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. ઉચ્ચક રોકડ સહાય મેળવવાપાત્ર અસરગ્રસ્તોને નુકસાન સહાય માટે સરવે કરી ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી જેવા આધાર ધ્યાનમાં લઈને સહાય ચૂકવવામાં આવશે.

આવા ઉચ્ચક રોકડ સહાય મેળવવાપાત્ર અસરગ્રસ્તોએ તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં સંબંધિત સુરત મ્યુનિસિપલ કમિશનરશ્રી/મામલતદારશ્રી/નગરપાલિકાના ચીફ ઓફીસરને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

આવી ઉચ્ચક રોકડ સહાય મંજૂર કરવા માટે સુરત મહાનગરપાલિકાના જે-તે ઝોનના ડેપ્યુટી કમિશનરશ્રી અથવા ગ્રામ્ય વિસ્તાર માટે સંબંધિત પ્રાંત અધિકારીશ્રી અધ્યક્ષ હોય તેવી સમિતિની રચના જિલ્લા કલેકટર સુરત દ્વારા કરવામાં આવશે.

જેમણે છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રિટર્ન ભરેલુ હોય તેવા અસરગ્રસ્તોએ વ્યાજ સહાય મેળવવા માટેની અરજી પેકેજનો ઠરાવ થયાની તારીખથી છ માસ સુધીમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને નિયત નમૂનામાં બેંકમાંથી લોન મેળવ્યાના પુરાવા સાથે કરવાની રહેશે.

એટલું જ નહિ, જે અસરગ્રસ્ત એકમોએ એપીએમસી માટેની સહાય યોજના હેઠળ સહાય મેળવી હશે તેવા એકમો આ પેકેજ અંતર્ગત સહાયપાત્ર થશે નહી. આવી સહાય મંજૂર કરવા અંગે ઉભા થતા કોઈ પણ તકરાર, વિવાદ કે પુનઃ સર્વે અંગે જે-તે અસરગ્રસ્ત એકમ સુરત કલેકટરને અપીલ કરી શકશે. કલેકટરની અધ્યક્ષતામાં કાર્યરત આ અપીલ સમિતિમાં અન્ય સભ્યો તરીકે જીલ્લા વિકાસ અધિકારી (DDO) તેમજ જનરલ મેનેજર, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC), સુરત રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણયની વિગત આપતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સુરત શહેરના અસરગ્રસ્ત રહેણાંક અને વાણિજ્ય વિસ્તારોને એક વર્ષ માટે વેરા માફી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

તેમણે સુરત શહેરમાં હાથ ધરાઈ રહેલી સ્વચ્છતા-સફાઈની કામગીરીની વિગતો આપતા કહ્યું કે, પૂરની પરિસ્થિતિ બાદ સુરત શહેરમાં ગંદકી કે અન્ય રોગચાળા સંબંધિત સમસ્યા ન સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા ઉપરાંત અન્ય મહાનગરોમાંથી ૯ હજારથી વધુ સ્વચ્છતાદૂતોને સુરત ખાતે સફાઈ કામગીરી સાથે જોડવામાં આવ્યાં છે તેમનો પણ સુરત નગરવાસીઓ તરફથી નાયબ મુખ્યમંત્રીશ્રીએ આભાર માન્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરતના અસરગ્રસ્ત વિસ્તારોમાં કેશ ડોલ અને ઘરવખરી સહાયની ચૂકવણીની વિગતો પણ આપી હતી. તેમણે કહ્યું કે, સુરતમાં ૧૪ જુલાઈ ૨૦૨૬ સુધીમાં કુલ ૧૯૨૫૬ પરિવારોને રૂ. ૯.૬૨ કરોડની ઘરવખરીની સહાય અને ૩૯૨૩૭ વ્યક્તિઓને રૂ. ૩.૫૩ કરોડની કેશડોલ મળીને કુલ ૧૩.૧૫ કરોડ રૂપિયાનું ચૂકવણું રોકડ સહાય સ્વરૂપે કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે, સુરત શહેરના ખાડી વિસ્તારમાં ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ફરી ન ઉદભવે તે માટે એક મજબૂત અને કોંક્રિટ એક્શન પ્લાન તૈયાર કરવા અંગે ખાસ કમિટિની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ પણ આ કમિટિના ઉચ્ચ અધિકારીઓની ટીમને સુરત મોકલી હતી. શહેરી વિકાસ અગ્ર સચિવના નેતૃત્વમાં રચાયેલી આ કમિટિમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર, જિલ્લા કલેક્ટર, સિંચાઈ વિભાગના વરિષ્ઠ

અધિકારીઓ સહિતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કમિટિ દ્વારા સુરતના ખાડી વિસ્તારમાં પૂરની સ્થિતિના લાંબાગાળાના નિવારણ માટેનો એક્શન પ્લાન આગામી દિવસોમાં બનતી ત્વરાએ તૈયાર કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલે સુરતના ભારે પૂર અસરગ્રસ્ત વિસ્તારોની જાત માહિતી મેળવવા તથા નુકસાનીનો ક્યાસ કાઢવા પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

તેમણે અસરગ્રસ્ત વેપારીઓ/વાણિજ્યિક એકમો પાસેથી આ પૂરથી થયેલા વ્યાપક નુકસાનની તલસ્પર્શી વિગતો મેળવીને તેમના પ્રત્યે સહાનુભૂતિ અને સંવેદના દર્શાવીને અસરગ્રસ્તો ઝડપભેર પૂર્વવત થાય તેવા અભિગમથી આ ઉદારતમ પુનઃવસન સહાય પેકેજ જાહેર કર્યું છે.

# બ્રહ્માકુમારીઝની સ્થાપનાના નવ દશકોત્સવ અંતર્ગત:

**ગાંધીનગર,**

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય, ઉર્જાનગર.૧, રાંદેસણ, ગાંધીનગર ખાતે સેવાકેન્દ્ર પ્રભારી બ્ર.કુ.રંજનબેન દ્વારા સોમવાર ૧૩ જુલાઈના રોજ રાત્રે ૮.૦૦ થી ૯.૦૦ દરમ્યાન મુખ્ય વક્તા બ્ર.કુ. ડૉ.ગીતાબેન (ભીનમાલ રાજસ્થાનથી પધારેલ)નું "મારો પરિવાર એ જ મારી શક્તિ" વિષય પર સુંદર પ્રવચન યોજવામાં આવેલ.

બ્રહ્માકુમારીઝના મીડિયા સંયોજક ભરત શાહના જણાવ્યા અનુસાર, મુખ્ય વકતા બ્ર.કુ.ડૉ ગીતાબેન દ્વારા આજે ઘર ઘર નો જે સળગતો પ્રશ્ન છે તેના પર પ્રકાશ પાડવાનો ધારદાર પ્રયત્ન કરવામાં આવેલ. સૌના માનસ પટલ પર એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે "પરિવાર માત્ર સંબંધોનું નામ નથી પરંતુ પ્રેમ, વિશ્વાસ, સંસ્કાર અને સહયોગ નું જીવંત મંદિર છે.

તેમના દ્વારા પરિવારમાં સુખ, શાંતિ, પરસ્પર સમજણ અને આનંદ કેવી રીતે વધારી શકાય? બદલાતા સમયમાં પરિવારને વધુ મજબૂત અને મૂલ્યવાન કેવી રીતે બનાવી શકાય ? જેવા જીવનોપયોગી વિચારોની છણાવટ કરવામાં આવેલ અને તેને ખૂબ જ સહજ રીતે જીવનમાં અમલમાં મૂકવાની ચાવી આપવામાં આપેલ. પ્રવચનના શુભારભમાં પરમાત્માની યાદ અને આહવાન કરવામાં આવ્યું. મુખ્ય વકતાનું બ્ર.કુ.રંજનબેન દ્વારા પુષ્પગુચ્છથી અને શબ્દ પુષ્પથી સ્વાગત કરવામાં આવેલ. ઉપસ્થિત સૌ શ્રોતાગણને પરમાત્માના ઘરમાં આવકાર અને સન્માન આપેલ તથા આ સુંદર પ્રવચનનો લાભ લેવા આવેલ સૌને



ભાગ્યવાન આત્માઓ ગણાવી ગદગદ કરેલ. પ્રવચનની સમાપ્તિમાં પ્રભુ પ્રસાદ ગ્રહણ કરતી વખત સૌના વદન પુલકિત હતા. મનોમન વખાણ અને ધન્યવાદ કરતાં કરતા કહી રહ્યા હતા કે આવા પ્રવચનો સમયાંતરે આયોજિત થવા અમારા માટે ખૂબ જ જરૂરી છે.

# સુરતમાં બે દિવસથી ભટકતા ૭૫ વર્ષીય નિરાધાર વૃદ્ધા માટે '૧૮૧ અભયમ' બની તારણહાર

**બ્યુરો રિપોર્ટ :-**
**જે બી ટાંક પત્રકાર સુરત**

શહેરમાં ફરી એકવાર માનવતા અને સરકારી હેલ્પલાઈનની તત્પરતાનો ઉત્કૃષ્ટ કિસ્સો સામે આવ્યો છે. સુરતના સરથાણા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી આશ્રય માટે ભટકી રહેલા ૭૫ વર્ષીય નિરાધાર અને અસહાય વૃદ્ધ મહિલા માટે '૧૮૧ અભયમ' મહિલા હેલ્પલાઈન સાચા અર્થમાં દેવદૂત સાબિત થઈ છે. હેલ્પલાઈનની ટીમે મહિલાની સુરક્ષા સુનિશ્ચિત કરી ધીરજ સાથે કાઉન્સેલિંગ કરીને તેમને ઓલ્ડ એજ હોમમાં સુરક્ષિત આશ્રય અપાવી નવું જીવન આપ્યું છે.




ઘટનાની વિગત એવી છે કે, ગત રોજ સરથાણા વિસ્તારના રાધે ફાર્મ પાસે એક વૃદ્ધ મહિલા છેલ્લા બે દિવસથી અત્યંત દયનીય અને નિરાધાર હાલતમાં ભટકી રહ્યા હતા. આ સ્થિતિ જાગૃત નાગરિકના ધ્યાનમાં આવતા, તેમણે માનવતા દાખવી ત્વરિત '૧૮૧ અભયમ' મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી મદદની ગુહારી લગાવી હતી.

માહિતી મળતાની સાથે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ઉમરા રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે સૌપ્રથમ વૃદ્ધાને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડ્યું હતું અને તેમની ભયભીત સ્થિતિને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં આ વૃદ્ધા ખૂબ જ ગભરાયેલા અને મૂંઝવણભરી સ્થિતિમાં હોવાથી પોતાની કોઈ સ્પષ્ટ માહિતી આપી શકતા નહોતા. તેમ છતાં, અભયમની ટીમે અત્યંત ધીરજ, આત્મીયતા અને વિશ્વાસપૂર્વક તેમની સાથે સતત વાતચીત ચાલુ રાખી હતી.

સતત કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ માત્ર પોતાનું નામ અને તેઓ હાઉસિંગ વિસ્તારમાં રહેતા હોવાનું જણાવ્યું હતું. વધુ પૂછપરછમાં તેમણે ભારે હૈયે કહ્યું કે, તેમના પરિવારના તમામ સભ્યોનું અવસાન થઈ ચૂક્યું છે.

વૃદ્ધાની નબળી યાદશક્તિ અને માનસિક સ્થિતિને કારણે ટીમ દ્વારા ઘરનું સરનામું કે અન્ય પરિવારજનોની વિગતો જણાવી શક્યા નહોતા. મહિલાની મોટી ઉંમર અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને ૧૮૧ની ટીમે તેમને રસ્તા પર અસહાય છોડવાને બદલે યોગ્ય સંકલન હાથ ધર્યું હતું. સુરત શહેરમાં તેમનો કોઈ વારસદાર ન મળતા, આખરે તમામ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને મહિલાને સુરક્ષિત ઓલ્ડ એજ હોમ ખાતે આશ્રય અપાવવામાં આવ્યો હતો.

૧૮૧ અભયમની ટીમે આશ્રય અપાવીને પોતાની ફરજ પૂર્ણ કરવાની સાથે ઓલ્ડ એજ હોમના સંચાલકોને વૃદ્ધાની શારીરિક અને માનસિક સ્થિતિ અંગે સંપૂર્ણ માહિતગાર કર્યા હતા. ટીમે સંચાલકોને વૃદ્ધાની નિયમિત આરોગ્ય તપાસ, સમયસર ભોજન અને જરૂરી તમામ સુવિધાઓ મળી રહે તે માટે અનુરોધ કર્યો હતો.

અભયમ ટીમની આ સંવેદનશીલ કામગીરીના પરિણામે આજે નિરાધાર વૃદ્ધાને સન્માનજનક આશ્રય મળ્યો છે.

# મહેસાણામાં યુવકને એન્ટિક સિક્કાની લાલચ ભારે પડી

**(સંપૂર્ણ સમાચાર સેવા) મહેસાણા,તા.૧૪**

મહેસાણા શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એન્ટીક સિક્કા ખરીદવાની લાલચ એક વ્યક્તિને ખૂબ જ મોંઘી પડી છે. મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસે અમદાવાદથી પાટણ જઈ રહેલા એક વ્યક્તિને ફસાવી, ગોંધી રાખી અને અમાનુષી ત્રાસ આપી બ્લેકમેલ કરતી એક ખતરનાક હનીટ્રેપ ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે સાગરીતોને મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે, જ્યારે બે મહિલાઓ સહિત ત્રણ આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. આ ગુનાહિત ઘટના ગત ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ બની હતી. ફરિયાદી યુવક જ્યારે અમદાવાદથી પાટણ તરફ જઈ રહ્યા હતા, ત્યારે તેમના મોબાઈલ પર નયનાબેન નામની મહિલાનો ફોન આવ્યો હતો. મહિલાએ ફરિયાદીને એન્ટીક સિક્કા ખરીદવાના બહાને મહેસાણાના બિલાડીબાગ પાસે આવેલા ખુશ્બુ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૯માં બોલાવ્યા હતા.

# શહેરના પૂર પ્રભાવિત વિસ્તારોમાં SMCના આરોગ્ય વિભાગ દ્વારા સતત ૪ દિવસથી નિ:શુલ્ક આરોગ્ય કેમ્પ કાર્યરત: કુલ ૫૪૭૦ લોકોએ લાભ લીધો



**બ્યુરો રિપોર્ટ :-**
**જે બી ટાંક પત્રકાર સુરત**

સુરત શહેરના પૂરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસરતાની સાથે જ તા.૧૧ જુલાઈ એટલે કે સતત છેલ્લા ૪ દિવસથી કાર્યરત કરાયેલા કેમ્પમાં દૈનિક ૧૦૦થી વધુ શહેરીજનો લાભ લઈ રહ્યા છે. અને અત્યાર સુધી વિવિધ શારીરિક સમસ્યાઓ માટે કુલ ૫૪૭૦ લોકો આરોગ્ય કેમ્પનો લાભ લઈ ચુક્યા છે.

આ વિષે વધુ માહિતી આપતા લિંબાયત ઝોનના આસી.આરોગ્ય અધિકારી ડૉ.મનન પટેલે જણાવ્યું હતું કે, રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ચાલતા આ કેમ્પમાં મેડિકલ ઓફિસર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર (એમ.પી.એચ.ડબલ્યુ.) તેમજ અન્ય આરોગ્ય કર્મચારીઓ દ્વારા તાવ, ઝાડા, ઉલટી, મલેરિયા, ડેન્ગ્યુ તેમજ ચામડીના રોગોની પ્રાથમિક સારવાર અને જરૂરી દવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. તેમજ જે ગંભીર સ્થિતિ ધરાવતા દર્દીઓને વધુ સારવાર માટે મોટી હોસ્પિટલોમાં રિફર કરવાની કામગીરી પણ કરાઈ રહી છે.

સ્થાનિક રહીશોને ઘર આંગણે મળી રહેલી આ સુવિધાને પરિણામે વધુમાં વધુ લોકો આ કેમ્પનો લાભ લઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પૂરના પાણી ઉતરતાં જ શહેરના અતિસંવેદનશીલ વિસ્તારમાં કોઈ રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય તંત્ર દ્વારા અગમચેતીના સઘન પગલાં લેવામાં આવ્યા હતા.

જેમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સમગ્ર વિસ્તારમાં ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરીને લોકોના સ્વાસ્થ્યની માહિતી મેળવવાની સાથે જ મચ્છરો અને જીવાણુઓનો ઉપદ્રવ રોકવા માટે દરેક અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટા પાયે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

તેમજ પાણીજન્ય રોગોથી બાળકોને સુરક્ષિત રાખવા માટે ૫ વર્ષથી નીચેની ઉંમરના બાળકો માટે ખાસ ઓ.આર.એસ. (ઓરલ રીહાઈડ્રેશન સોલ્ટ્સ)ના ૫૯૮૬ પેકેટનું વિતરણ કરાયું હતું. ૫૫૩ મેલેરિયા સ્લાઈડનો ઉપયોગ કરી મેલેરિયા ટેસ્ટ કરાયા હતા.

# ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમો થકી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસની ઉજવણી કરાઇ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે આજે ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા મહાનગર અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ સ્થળોએ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આરોગ્યપ્રદ દીર્ઘાયુષ્ય અને રાજ્યના સર્વાંગી વિકાસની કામના સાથે વિશેષ પૂજા-અર્ચના તથા ગૌસેવા કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરના વિવિધ વિસ્તારોમાં ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓએ સફાઈ કાર્ય દ્વારા શ્રમદાન કર્યું હતું. આ ઉપરાંત બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે ગાંધીનગર મહાનગરની ૧૧૧ આંગણવાડીઓના બાળકોને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વધુમાં, રંગમંચ, સેક્ટર-૧૬ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની વિવિધ સફાઈ કર્મી બહેનોને સાડી વિતરણ કરીને તેમના સેવાકાર્યને બિરદાવવામાં આવ્યું હતું તેમજ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર, સેક્ટર-૧૨ ખાતે કાર્યરત કુસુમબા નિ:શુલ્ક આહાર કેન્દ્રમાં દર્દીઓના સ્વજનોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.




આ વિવિધ સેવાકીય કાર્યક્રમોમાં રાજ્યસભા સાંસદ શ્રી રાજુભાઈ શુક્લ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપાના પદાધિકારીઓ, નગરસેવકો તથા કાર્યકરો સહભાગી બન્યા હતા.

## તા.૧૬ જુલાઇના રોજ શહેરમાં યોજાનારી ભગવાન જગન્નાથજી રથયાત્રા નિમિત્તે પોલીસ કમિશનરનું જાહેરનામું

# ટ્રાફિક સમસ્યા નિવારવા તા.૧૬/૦૭/૨૦૨૬નાં રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી રથયાત્રા પૂર્ણ થાય ત્યાં સુધી વિવિધ મુખ્ય માર્ગો પર ભારે વાહનોની અવર-જવર તેમજ પાર્કિંગ પર પ્રતિબંધ






**બ્યુરો રિપોર્ટ :-**
**જે બી ટાંક પત્રકાર સુરત**

સુરત શહેરમાં આજે શ્રીજગન્નાથજી રથયાત્રાના પવિત્ર ધાર્મિક તહેવાર નિમિત્તે કાયદો, વ્યવસ્થા અને ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે સુરત શહેરના ઇ.પોલીસ કમિશનરશ્રી વાબાંગ જામીરે એક હંગામી જાહેરનામાં દ્વારા ટ્રાફિકની ગંભીર સમસ્યા નિવારવા જનમેદનીની સુરક્ષાને ધ્યાને રાખીને રથયાત્રા શરૂ થયેથી પૂર્ણ થાય ત્યાં સુધી જરૂર જણાયે ટુ-વ્હીલર તેમજ ફોર-વ્હીલર વાહનોની અવર-જવર અને પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે.

તા.૧૬/૦૭/૨૦૨૬નાં રોજ ભગવાન શ્રીજગન્નાથજીની રથયાત્રા સુરત રેલ્વે સ્ટેશન સરદાર સાહેબની પ્રતિમાથી શરૂ થઇ દિલ્હીગેટ, લીનીયર બસ સ્ટેન્ડ, રીંગરોડ, સહારા દરવાજા, ટેક્ષટાઈલ માર્કેટ થઈ, ઉધના દરવાજા બ્રિજ નીચેથી મજુરાગેટ, અઠવાગેટ, સરદાર બ્રિજ થઈને ગુજરાત ગેસ સર્કલ, ચોકસી વાડી, ઋષભ ચાર રસ્તા રાંદેર રોડ, નવયુગ કોલેજ, તાડવાડી ત્રણ રસ્તા, પાલનપુર પાટીયા, રામનગર થઈ મોરા ભાગળ, સુભાષ બાગ ગાર્ડન સર્કલ અને જહાંગીરપુરા ઓવર બ્રિજ નીચેના ત્રણ રસ્તાથી જહાંગીરપુરા ઈસ્કોન સર્કલથી જમણે ટર્ન લઈ ઈસ્કોન મંદિર જહાંગીરપુરા ખાતે પૂર્ણ થનાર છે. તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી ભારે વાહનો તથા રથયાત્રા શરુ થયેથી પૂર્ણ થાય ત્યાં સુધી ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર તેમજ પાર્કિંગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

**આ સમયગાળા દરમિયાન સામાન્ય જનતા માટે વૈકલ્પિક રૂટ તરીકે,**

૧)કડોદરા હાઈવે તરફથી આવતા ભારે વાહનો અઠવા, વેસુ, ભટાર જવા માટે કાંગારૂ સર્કલથી ડાબે ટર્ન લઈ મહારાણા પ્રતાપથી ડીંડોલી રેલ્વે ઓવરબ્રિજ થઈ સાંઈ પોઈન્ટથી પાંડેસરા બ્રિજ ઉતરી દક્ષેશ્વર મંદીર તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

૨) કડોદરા હાઈવે તરફથી આવતા ભારે વાહનો ઉધના દરવાજા જવા માટે પરવત પાટીયાથી, કબુતર સર્કલ થઈ ભાઠેના બ્રિજથી રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

૩)સીમાડા-સરથાણા જકાતનાકા તરફથી આવતા ભારે વાહનો અઠવાગેટ તરફ જવા માટે રેશ્મા સર્કલ થઈ પરવત પાટીયાથી, કબુતર સર્કલથી ભાઠેના બ્રિજ થઈ રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

૪) જુની બોમ્બે માર્કેટ તરફથી આવતા ભારે વાહનો ઉધના દરવાજા તેમજ અઠવાગેટ તરફ જવા માટે ન્યુ બોમ્બે માર્કેટથી ડાબે ટર્ન લઈ સરદાર માર્કેટ થઈ પરવત પાટીયાથી જમણે ટર્ન લઈ કબુતર સર્કલથી ભાઠેના બ્રિજ થઈ રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

૫) ગોતાલાવાડીથી રેલ્વે સ્ટેશન તેમજ સહારા તરફ આવતા ભારે વાહનો ઉધના દરવાજા જવા માટે ગોતાલાવાડીથી કિરણ હોસ્પીટલ નગીનાવાડી બ્રિજ થઈ વરાછા તરફથી બોમ્બે માર્કેટ થઈ આઈમાતા પર્વત પાટીયાથી ટર્ન લઈ કબુતર સર્કલ થઈ ભાઠેના બ્રિજથી રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

૬) ગોતાલાવાડીથી રેલ્વે સ્ટેશન તેમજ સહારા તરફ આવતા ભારે વાહનો અઠવા, વેસુ, ભટાર જવા માટે ગોતાલાવાડીથી કિરણ હોસ્પીટલ નગીનાવાડી બ્રિજ થઈ વરાછા તરફથી બોમ્બે માર્કેટ થઈ આઈમાતા પર્વત પાટીયાથી કાંગારૂ સર્કલથી ટર્ન લઈ મહારાણા પ્રતાપથી ડીંડોલી રેલ્વે ઓવરબ્રિજ થઈ સાંઈ પોઈન્ટથી પાંડેસરા બ્રિજ ઉતરી દક્ષેશ્વર મંદીર તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

૭) સચિન, નવસારી તરફથી આવતા ભારે વાહનો અડાજણ, રાંદેર તરફ જવા માટે રોકડીયા ચાર રસ્તાથી ડાબે ટર્ન લઈ, ઉધના-મગદલ્લા રોડ નો ઉપયોગ કરી, જોલી ચાર રસ્તાથી જમણે ટર્ન લઈ, મહારાણા પ્રતાપ રોડનો ઉપયોગ કરી, રાહુલરાજ મોલ ત્રણ રસ્તાથી જમણે ટર્ન લઈ, ડુમ્મસ-અઠવા રોડનો ઉપયોગ કરી SVNIT સર્કલથી ડાબે ટર્ન લઈ, પાલ-ઉમરા બ્રીજ થઈ, હજીરા-અડાજણ રોડનો ઉપયોગ કરી જઈ શકશે.

૮) એસ.કે.નગર તરફથી આવતા ભારે વાહનો અડાજણ, રાંદેર તરફ જવા માટે ડુમ્મસ-અઠવા રોડનો ઉપયોગ કરી SVNIT સર્કલથી ડાબે ટર્ન લઈ, પાલ-ઉમરા બ્રીજ થઈ, હજીરા-અડાજણ રોડનો ઉપયોગ કરી જઈ શકશે.

૯) તે સિવાય ઉપરોક્ત તારીખ અને સમય દરમ્યાન આંતરીક રસ્તાઓનો ઉપયોગ કરીને તથા રથયાત્રા જે રસ્તા પરથી પસાર થઈ જાય તે રસ્તા પરથી વાહનો અવર જવર કરી શકશે.

૧૦) વરીયાવ ચેક પોસ્ટથી ભારે વાહનો ભેસાણ/હજીરા રોડનો ઉપયોગ કરી જઈ શકશે.

૧૧) ઓલપાડ તરફથી આવતા ભારે વાહનો સારોલી બ્રિજ ઉતરી જમણે યુ-ટર્ન લઈ દાંડી ભેસાણ હજીરા રોડ તથા વરીયાવ સાયણ રોડ નો ઉપયોગ કરી જઈ શકશે.

૧૨) દાંડી રોડથી સુભાષબાગ તરફ આવતા વાહનોને ડી-માર્ટ ચાર રસ્તાથી ઉગત નહેરથી આંતરીક રસ્તાનો ઉપયોગ કરી જઈ શકશે.

૧૩) ભેસાણ ઉગત તરફથી આવતા વાહનો ઉગત નહેરથી પાલ ગામ તરફ જઈ શકશે.

૧૪) જિલ્લાની બ્રિજથી ધબકાર સર્કલથી અડાજણ ગામ તરફ જતા વાહનો શીતલ ચાર રસ્તાથી તાપી કિનારે થઈ સરદાર બ્રિજ નીચે થઈ અડાજણ ગામ તરફ જઈ શકશે.

૧૫) અડાજણ ગામ તરફથી આવતા વાહનો ભુલકાભવન ત્રણ રસ્તાથી ડાબે ટર્ન લઈ આનંદ મહેલ રોડનો ઉપયોગ કરી જઈ શકશે.

ઉપરોક્ત તારીખ અને સમય દરમ્યાન ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો. એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડના વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધ લાગુ પડશે નહીં આ જાહેરનામાનો અમલ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ થશે અને તેનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.

# કલોલમાં ઓવરબ્રીજની કામગીરીને પગલે ટ્રાફિક ડાયવર્ઝન જાહેર,કલોલ રેલ્વે સ્ટેશન નજીક ભારે વાહનો પર પ્રતિબંધ સાથે વૈકલ્પિક રૂટ જાહેર કરાયો

કલોલ રેલ્વે સ્ટેશન નજીક આવેલ લેવલ ક્રોસીંગ નંબર ૨૩૨ બી.વી.એમ. ફાટક પર રેલ્વે ટ્રેક ઓવરબ્રીજ બનાવવાની કામગીરી તેમજ ડ્રેનેજ ગટર લાઈનનું કામકાજ પ્રગતિમાં હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે ગાંધીનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી વિપુલ ઠક્કર દ્વારા એક જાહેરનામું બહાર પાડી ટ્રાફિક ડાયવર્ઝન અમલમાં મૂકવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર તા.૧૫/૦૭/૨૦૨૬થી તા.૩૦/૧૨/૨૦૨૬ સુધી પ્રતિબંધિત સાથે વૈકલ્પિક રૂટ અમલમાં રહેશે.

જે અંતર્ગત કલોલ રેલ્વે સ્ટેશન નજીક આવેલ લેવલ ક્રોસીંગ નં. ૨૩૨ બી.વી.એમ. ફાટક ખાતે ઓવરબ્રીજ અને ડ્રેનેજ ગટર લાઈનના કામકાજ સબબ આ જગ્યાએથી માત્ર ટુ-વ્હીલર જ પસાર થઈ શકશે અને અન્ય તમામ પ્રકારના ફોર-વ્હીલર કે ભારે વાહનો માટે પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગ તરીકે ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો સ્ટેશન રોડથી રઘુવીર ચોકડી સુધીના રેલ્વે અંડરબ્રીજનો ઉપયોગ કરી શકશે, જ્યારે ફોર-વ્હીલર અને ભારે વાહનો માટે રેલ્વે ઓવરબ્રીજ (મટવાકુવા ઓવરબ્રીજ) નો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

માટે તંત્ર દ્વારા તમામ વાહનચાલકોને આ સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

## ગાંધીનગર જિલ્લામાં સશસ્ત્ર દળોના ગણવેશ અને પ્રતીકોના બિનઅધિકૃત વેચાણ તેમજ ઉપયોગ પર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા પ્રતિબંધ જાહેર

**ગાંધીનગર,**

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં સૈન્ય (બી.એસ.એફ.) નો ગણવેશ પહેરીને લશ્કરી વાહનની આડમાં ગેરકાયદેસર દારૂની હેરફેર કરવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ભૂતકાળમાં પઠાણકોટ, ઉરી અને જમ્મુ-કાશ્મીર ખાતે પણ આતંકવાદીઓ દ્વારા સૈન્યના ગણવેશ ધારણ કરી લશ્કરી છાવણીઓ અને એરફોર્સ સ્ટેશન પર હુમલા કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય આંતરરાષ્ટ્રીય જળ સીમા અને સરહદ ધરાવતું હોવાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો ન ઉભો થાય તે હેતુથી ગાંધીનગરના ઈન્ચાર્જ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી જે.એસ. પ્રજાપતિ દ્વારા ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારમાં સશસ્ત્ર દળોના ગણવેશ, પોશાક, ચિન્હો અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓના બિનઅધિકૃત વેચાણ તેમજ ઉપયોગ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમ તા. ૧૨/૦૯/૨૦૨૬ સુધી સમગ્ર જિલ્લામાં અમલમાં રહેશે.આ જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર રહેશે.

## ગાંધીનગર જિલ્લાની હોટલ, ગેસ્ટ હાઉસ અને ધર્મશાળાઓએ 'PATHIK' સોફ્ટવેરમાં મુસાફરોની વિગતો નોંધાવવી ફરજિયાત

**ગાંધીનગર,**

આજના આધુનિક યુગમાં વધતી ટેકનોલોજી અને મુસાફરીની સુવિધાઓનો લાભ લઈને અન્ય રાજ્યો કે શહેરોના ગુનેગારો, આતંકવાદીઓ કે અસામાજિક તત્વો હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાઓમાં આશ્રય મેળવીને ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે.

આવા તત્વો પર કડક દેખરેખ રાખવા, રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જાહેર સલામતી જાળવવા માટે ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી જે.એસ. પ્રજાપતિ દ્વારા સમગ્ર ગાંધીનગર જિલ્લાની હદમાં આવતી તમામ હોટલો, ગેસ્ટ હાઉસ અને ધર્મશાળાઓ માટે આદેશો જારી કરવામાં આવ્યા છે.

આદેશ અનુસાર જિલ્લાની દરેક હોટલ, ગેસ્ટ હાઉસ અને ધર્મશાળાના રિસેપ્શન કાઉન્ટર પર ઈન્ટરનેટ કનેકિટવિટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું ફરજિયાત છે.

પોલીસ તંત્ર દ્વારા તૈયાર કરાયેલ PATHIK સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી, તેમાં આવનાર દરેક મુસાફરની એન્ટ્રી કરવાની રહેશે. સંચાલકોએ દરેક મુસાફરને પોતાના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં વિગતો નોંધાવવી. રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથના અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે. રજિસ્ટરમાં મુસાફરનું નામ, મોબાઈલ નંબર, વાહનનો રજીસ્ટ્રેશન નંબર તેમજ નજીકમાં રહેતા કોઈ પરિચિત/સગાનું નામ-સરનામું લખાવવું ફરજિયાત છે.

સંચાલકોએ મુસાફરોના ઓળખ કાર્ડની સ્વ પ્રમાણિત નકલ રાખવાની રહેશે. આ ઉપરાંત, હોટલમાં પ્રવેશતા અને બહાર જતા ગ્રાહકોના ચહેરા સ્પષ્ટ દેખાય તે રીતે સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવાના રહેશે.

ટૂંકા રોકાણ અને સામાન વગરના ગ્રાહકો અંગે પણ ખાસ સૂચના અનુસાર જો કોઈ યુવક કે યુવતી કોઈપણ સામાન કે બેગ વગર આવ્યા હોય અને ૩ કલાક કે તેથી ઓછા સમયમાં રૂમ છોડીને જાય, તો તેમના નામ-સરનામા અને મોબાઈલ નંબર સાથે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. લાયસન્સ ધરાવતા મૂળ માલિક સિવાય અન્ય કોઈ વ્યકિત હોટલનું સંચાલન કરી શકશે નહીં. હોટલ-ગેસ્ટ હાઉસને દિવાની હક્કથી એટલે કે ભાડે કે ગીરો ખતથી અન્ય કોઈને સુપ્રત કરવા પર મનાઈ છે. વળી, નક્કી કરેલા ભાડા કરતાં ઓછું ભાડું લઈ શકાશે નહીં.

હોટલ, ગેસ્ટ હાઉસ કે ધાબાના માલિકોએ પોતાના તમામ સ્ટાફ/કર્મચારીઓના નામ, સરનામા, આંગળાની છાપ અને તેમની અન્ય સાથી હોટલોની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશન અને મેજીસ્ટ્રેટ કચેરીએ લેખિતમાં જમા કરાવવાની રહેશે. કોઈ પણ શંકાસ્પદ વ્યકિત જણાય તો તુરંત પોલીસને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા. ૧૨/૦૯/૨૦૨૬ સુધી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં અમલમાં રહેશે. આ જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર રહેશે.

## ગાંધીનગર જિલ્લામાં નશીલા પદાર્થોના સેવન માટે વપરાતા 'રોલિંગ પેપર' અને 'સ્મોકિંગ કોન' ના સંગ્રહ, વેચાણ અને હેરફેર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લામાં સગીરો અને યુવાનો દ્વારા વિવિધ નશીલા પદાર્થો જેવા કે ચરસ અને ગાંજાના સેવન માટે ઉપયોગમાં લેવાતી સ્મોકિંગ એસેસરીઝ જેવી કે 'રોલિંગ પેપર' અને 'સ્મોકિંગ કોન' ના ગેરકાયદેસર ઉપયોગ, સંગ્રહ, વેચાણ અને હેરફેર પર ઇ.ચા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.એસ. પ્રજાપતિ દ્વારા તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ તા.૧૫/૦૭/૨૦૨૬ થી ૧૨/૦૯/૨૦૨૬ સુધી સમગ્ર ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તાર તેમજ પશ્ચિમ રેલ્વે પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં અમલી રહેશે. રાજ્યના ફોરેન્સિક સાયન્સ નિયામક (FSL) ના સત્તાવાર અભિપ્રાય અનુસાર, વનસ્પતિજન્ય નાર્કોટિક પદાર્થોના ધુમ્રપાન માટે રોલિંગ પેપર આધારિત એસેસરીઝ ડ્રગ પેરાફર્નાલિયા તરીકે કામ કરે છે. તેના ઉપયોગથી નશીલા દ્રવ્યોનું શરીરમાં ખૂબ જ ઝડપી શોષણ થાય છે, જેના લીધે વ્યક્તિની ડ્રગ પર નિર્ભરતા વધે છે અને અચાનક વધુ માત્રામાં ડ્રગ્સ લેવાઈ જવાની ગંભીર સંભાવના રહેલી છે. વધુમાં, આ રોલિંગ પેપર બળવાથી ઉત્પન્ન થતા ઝેરી પદાર્થો જેવા કે ટાર, કાર્બન મોનોક્સાઇડ અને અન્ય ઉત્તેજકો માનવ ફેફસાં તેમજ હૃદય સંબંધિત કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમને ગંભીર નુકસાન પહોંચાડે છે.

વિવિધ સામાજિક સંગઠનો, પ્રતિનિધિઓ અને મીડિયા દ્વારા મળેલી રજૂઆતો તેમજ ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો મુજબ, ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારો, પાન પાર્લરો, ચાની દુકાનો, કરિયાણાની દુકાનો તેમજ ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ દ્વારા આવી સ્મોકિંગ એસેસરીઝ સરળતાથી ઉપલબ્ધ બનતી હોવાથી સગીરો અને યુવાપેઢીના શારીરિક-માનસિક સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ કડક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.માટે આ જાહેરનામાના કોઈ પણ નિયમનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકો અને ખાસ કરીને વેપારી વર્ગને આ નિયમોનું ચુસ્ત પાલન કરવા અને યુવાધનને નશાના દૂષણથી બચાવવા માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

## ગાંધીનગર જિલ્લામાં ભાડૂઆતો, વ્યવસાયિક એકમો અને મોલના માલિકો માટે પોલીસ વેરીફિકેશન ફરજિયાત

**ગાંધીનગર,**

સમગ્ર ગાંધીનગર જિલ્લાના ભૌગોલિક વિસ્તારમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સુદ્રઢ જાળવણી માટે એક અગત્યનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કાયદો-વ્યવસ્થાની જાળવણી અને સુરક્ષાના હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર દ્વારા મહત્વનો આદેશ જાહેર કરાયો છે.

આ જાહેરનામા અનુસાર, જિલ્લામાં કોઈપણ મકાનમાલિક, દુકાનમાલિક, શોપિંગ મોલ કે ઔદ્યોગિક એકમના સંચાલકો જ્યારે પોતાની મિલકત ભાડે આપે, ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં તેની વિગતો પૂરી પાડવી કાયદેસર રીતે ફરજિયાત રહેશે.

જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

તાજેતરમાં તેમજ ભૂતકાળમાં બનેલી ઘટનાઓ અને ગુપ્તચર એજન્સીઓના અહેવાલોને ધ્યાને લેતા, અસામાજિક અને ત્રાસવાદી તત્વો ઓળખ છુપાવીને રહેણાંક વિસ્તારો, દુકાનો, ઓફિસો કે વ્યવસાયિક ક્ષેત્રો ભાડે મેળવીને આશ્રય લેતા હોય છે. આગામી સમયમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ, વિવિધ તહેવારો તેમજ દેશના વરિષ્ઠ મહાનુભાવોની મુલાકાતો યોજાનાર છે, જેને ધ્યાનમાં રાખીને જાહેર સુરક્ષાને કોઈ આંચ ન આવે તે માટે આ આગોતરા નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આ જાહેરનામાના મુખ્ય નિયમો અનુસાર કોઈપણ વ્યકિત જ્યારે પોતાની માલિકીનું મકાન, દુકાન, ઓફિસ, શોપિંગ મોલ કે ઔદ્યોગિક એકમ ભાડે આપે, ત્યારે તેની વિગતવાર માહિતી ૧૫ દિવસમાં જે-તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. મિલકત ભાડે આપતી વખતે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના પત્રકમાં મકાન, દુકાન, ઓફિસ કે શોપિંગ મોલની વિગત અને તે કયા વિસ્તારમાં આવેલ છે તેની માહિતી આપવાની રહેશે. આ ઉપરાંત મિલકતના મૂળ માલિકનું નામ અને સરનામું, મિલકત ક્યારથી અને કેટલા સમય માટે ભાડે આપવામાં આવી છે

Printed/Published/Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad-380 009, Published at 1-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road. Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR. (GUJ) Editor: ILEVAN H. THAKAR